Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 241 Dt.23-07-2022 (Saturday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

## જામનગર, રાજકોટ, બોટાદ, અમદાવાદમાં યલો એલર્ટ, સુરેન્દ્રનગર, મોરબીમાં ઓરેન્જ એલર્ટ: નદીકાંઠે રહેતા લોકોને સાવધ રહેવા અપીલ



દરિયામાં ફરીથી નવી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ, ત્રણ સ્થળે રેડ એલર્ટ જાહેર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩


ગુજરાતમાં ફરી એકવખત ધોધમાર વરસાદ થવાની સંભાવનાઓ ઉભી થઇ છે અને હવામાન ખાતાએ વર્તારો આપ્યો છે કે, આવનારા ત્રણ દિવસ દરમ્યાન રાજકોટ સહિત સૌરાષ્ટ્ર- કચ્છ અને ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. નાગરિકોને અને ખાસ કરીને નદીકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સાવધાન રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

પાટણ, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં અતિભારે વરસાદની શક્યતાને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મહેસાણા, પાટણ, બનાસકાંઠામાં અતિભારે જયારે અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, વલસાડ, સુરેન્દ્રનગર અને મોરબીમાં ભારે વરસાદ ત્રાટકી શકે છે. તેવું હવામાન ખાતાની યાદીમાં જણાવ્યું છે. હવામાન ખાતાના સૂત્રો મુજબ દરિયામાં ફરીથી નવી વરસાદી સિસ્ટમ સક્રિય થઇ છે. જેના પગલે અમદાવાદ સહિત ગુજરાતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. ઉતર ગુજરાતમાં પણ આ વખતે મેઘકૃપા થશે તેના પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં ૫૦ ડેમો પર હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગ દ્વારા શનિવારે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, સુરેન્દ્રનગર, મોરબીમાં ઓરેન્જ એલર્ટ જયારે રાજકોટ, જામનગર, બોટાદ, અમદાવાદ અને ખેડામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કચ્છમાં પણ ભારે વરસાદની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ભારે વરસાદ થઇ શકે છે. એ કારણે કચ્છમાં શનિવારે રેડ એલર્ટ,બનાસકાંઠા, પાટણ, મહેસાણા, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકામાં શનિવારે ઓરેન્જ અને રાજકોટ, પોરબંદર, અમદાવાદ, બોટાદ, ગાંધીનગર વગેરે સ્થળે યલો એલર્ટ રહેશે. અમદાવાદમાં તો શનિ-રવિ બે દિવસ ભારે વરસાદની આગાહી થઇ છે.

રાજ્યના જળાશયો ખાલીખમ થઇ ગયા હતા પણ મેઘકૃપાથી અત્યારે રાજ્યના ડેમોમાં ૫૮.૫૪ ટકા જેટલો પાણીનો જથ્થો ભરાયો હોવાથી જળસંકટનું જોખમ ટળી ગયું છે. સૌરાષ્ટ્રના ડેમોમાં ૫૪.૬૭ ટકા જળરાશી, કચ્છમાં ૬૭.૯૪ ટકા જળજથ્થો, દક્ષિણ ગુજરાતમાં ૭૧.૯૨ ટકા પાણીનો સંગ્રહ અને મધ્ય ગુજરાતના ડેમોમાં ૪૨.૭૫ ટકા જળસંગ્રહ થયો છે. સૌથી ઓછો ઉતર ગુજરાતમાં વરસાદ થયો હોવાથી ત્યાંના ડેમોમાં માત્ર ૨૧.૩૯ ટકા પાણીનો જથ્થો ભરાયો છે. ગુજરાતના સૌથી મોટા સરદાર સરોવર ડેમમાં ૫૮.૫૮ ટકા પાણીનો સંગ્રહ થયો છે. રાજ્યના કુલ ૨૦૬ જળાશયમાંથી ૫૦ જળાશયોમાં ૯૦ ટકાથી વધુ પાણી આવી જતા હાઈએલર્ટ પર રખાયા છે. ૧૦ જળાશયમાં ૮૦ થી ૯૦ ટકા પાણી આવી જતા એલર્ટ પર છે.(૨.૧૨)

# ભારે વરસાદના પગલે શાકભાજીના પાકને નુકસાન થતાં ભાવમાં વધારો



**(એજન્સી સમાચાર)**

સાબરકાંઠા, તા.૨૩

સમગ્ર રાજયમાં મેઘમહેર સર્જાતાં શાકભાજીના ભાવમાં ધરખમ વધારો થયો છે. કારણ કે મોટા ભાગના ખેતરોમાં પાણી ફરી વળ્યા છે.

તો શાકભાજી પાકને ભારે નુકસાન થતાં ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે બજારમાં આવક ઓછી હોવાના કારણે હાલમાં તો ભાવ આસમાને પહોંચી ગયા છે. હોલસેલ માર્કેટમાં પણ રૂ. ૬૦થી લઈને રૂ. ૧૦૦ પ્રતિ કિલોના ભાવ પડે છે. તો છુટક વેપારીએ ૮૦થી લઈને રૂ. ૧૫૦માં શાકભાજી વેચાઈ રહી છે. સાબરકાંઠા જીલ્લામાં સૌથી વધુ શાકભાજીનું વાવેતર થાય છે.

જેમાં ખાસ કરીને કોબીજ, ફુલાવર, ગવાર, દુધી, ગલકા, કારેલા સહિતની શાકભાજીનું વધુ ઉત્પાદન થતું હોય છે. ચોમાસાના કારણે શાકભાજીના ભાવમાં ધરખમ વધારો થયો છે. જે પહેલા સરેરાશ ૩૦થી ૬૦ સુધી મળતી હતી, તેના ભાવ હાલ ૮૦થી લઈ ૧૫૦ સુધી પહોંચી ગયા છે. એક બાજુ ખેડુતોને સારા ભાવ મળે છે તેની ખુશી છે.

પરંતુ ઉત્પાદન ઓછું થતાં તેમાં નુકસાન થઈ રહ્યું છે. એટલે એકંદરે તો ખેડુતને જ નુકશાન થાય છે, તો સામે આમ લોકો પણ મોંઘવારીનો માર સહન કરી રહ્યા છે.જીએસટી બાદ જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ મોઘી થઇ છે. તો ચોમાસાને લઈને શાકભાજીના ભાવોમાં પણ વધારો થયો છે. શાકભાજીના ભાવો રૂ. ૧૦૦ને પાર થઈ જતાં આમ જનતાને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે.

# આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ભવ્ય વિદાયમાન



વડાપ્રધાન મોદી એ રાત્રી ભોજનનું આયોજન કર્યુ

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી,તા. ૨૩

આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિદને સંસદના મધ્ય ખંડમાં આયોજીત ખાસ કાર્યક્રમમાં વિદાય આપવામાં આવશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા તથા તમામ સાંસદો હાજર રહેશે તેમ સાંસદો તરફથી રામનાથ કોવિદને એક પ્રશિસ્તપત્ર તથા સ્મૃતિ ચિન્હ આપવામાં આવશે.

જેમાં તમામ સાંસદોની સહી પણ હશે. કોવિદનો કાર્યકાળ તા. ૨૪ના રોજ પૂરો થાય છે. અને તા. ૨૫ના રોજ (અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

**સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.**

## ગુજરાત પોલીસનો નવો આધુનિક ચહેરો: કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનાં હસ્તે પોલીસ ભવનમાં ત્રિનેત્ર સેન્ટરનું લોકાર્પણ, હવે ઈ-એફઆઈઆર સિસ્ટમનો આધુનિક ક્રાંતિકારી યુગ શરૂ

# બ્રિટન બાદ હવે ચીનમાં હીટવેવનો ખતરો

## તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી શકે છે: ચીનના રાષ્ટ્રીય હવામાન વિભાગની આગાહી



**(એજન્સી સમાચાર)**

બીજીંગ, તા.૨૩

યુરોપ અને બ્રિટનમાં ગરમીએ કાળો કેર વર્તાવ્યા બાદ હવે ચીનમાં આગામી ૧૦ દિવસમાં પૂર્વથી પશ્ચિમ સુધી હીટવેવ કેર મચાવી શકે છે. રાષ્ટ્રીય હવામાન વિજ્ઞાન કેન્દ્રના મુખ્ય અધિકારી ફૂ જિયાઓલને જણાવ્યું હતું કે દેશના અનેક ક્ષેત્રોમાં આગામી ત્રણ દિવસમાં હીટવેવની સાથે તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સીયસને પાર કરી શકે છે.

કેટલાક તટીય શહેરોમાં (અનુ.પાના નં.૪ ઉપર)

# યુક્રેનને ઘઉં સહિત અનાજ નિકાસની છૂટ

## રશિયા–યુક્રેન વચ્ચે કરાર: બ્લેક–સી માર્ગ યુક્રેન વિશ્વને ઘઉંની નિકાસ કરી શકશે

**(એજન્સી સમાચાર)**

મોસ્કો, તા.૨૩

યુક્રેન પરના રશિયાના આક્રમણના કારણે વિશ્વભરમાં સર્જાઈ શકતા ખાદ્ય સંકટ વચ્ચે હવે પ્રથમ વખત સારા સમાચાર આવ્યા છે અને રશિયા તથા યુક્રેન વચ્ચે તબક્કાવાર યુદ્ધ વિરામના પણ સંકેત છે. યુક્રેન અને રશિયા વચ્ચે હવે ઘઉંની નિકાસ માટે ખાસ કરાર થયા છે જે મુજબ યુક્રેન હવે બ્લેક સી રૂા.૫૨૧ તેની ઘઉંની



નિકાસ કરી શકશે.

યુક્રેન એ વિશ્વને ઘઉં પુરા પાડવામાં અવલ્લ દરજજાનું નિકાસકાર રાષ્ટ્ર છે અને યુદ્ધના પગલે યુક્રેનની ઘઉંની નિકાસ ઠપ્પ થતા (અનુ.પાના નં.૪ ઉપર)

# મમતા બેનર્જીની સરકારના મંત્રી પાર્થ ચેટરજીની ધરપકડ

## મંત્રીના સહાયકને ત્યાંથી રૂ.૨૦ કરોડની બિન હિસાબી રોકડ મળ્યાના બીજા જ દિવસે મુખર્જીની ધરપકડ: પૂછપરછનો પ્રારંભ



**(એજન્સી સમાચાર)**

કોલકતા, તા.૨૩

પશ્ચિમ બંગાળમાં બહુ ગાજેલા શિક્ષક ભરતી કૌભાંડના કેસમાં ઇડીની ટીમ દ્વારા મમતા બેનર્જીની સરકારના મંત્રી પાર્થ ચેટરજીની આજે ધરપકડ કરી લીધી હતી. આ કેસમાં ચેટરજીના એક સહાયકની ૨૬ કલાકની પૂછપરછ અને સહાયક પાસેથી મળેલા રૂ.૨૦ કરોડ જેટલી બિનહિસાબી રોકડ કબ્જે લેવાયાના બીજા દિવસે મંત્રીની ધરપકડ કરી લેવામાં આવતા મમતા સરકારમાં ખળભળાટ મચી ગયો છે.

ગઈકાલે મંત્રીની સહાયક અર્પિતા મુખર્જીની પૂછપરછ કરવામાં આવી હતી. તેમના નિવાસમાંથી રૂ.૨૦ કરોડ મળી આવ્યા બાદ અર્પિતાની પણ ધરપકડ કરવામાં આવી હતી. આજે ઇડીએ તૃણમુલ કોંગ્રેસ સરકારના મંત્રીની ધરપકડ કરી લીધી હતી અને અમને પૂછપરછ કરતા પહેલા તબીબી ચકાસણી માટે હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. તપાસ બાદ ઇડી કચેરીમાં એમની પૂછપરછ શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

શિક્ષક ભરતી કૌભાંડ થયું ત્યારે ચેટરજી રાજ્યના (અનુ.પાના નં.૪ ઉપર)

# રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ક્રોસ વોટીંગ કર્યુ કોણે? કોંગ્રેસ માટે સર્જાતો કોયડો

## વિધાનસભાની ચૂંટણીઓ સમયે કોંગ્રેસમાં મોટાપાયે અસંતુષ્ટો બહાર આવતા ખળભળાટ

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૨૩

દેશના સર્વોચ્ચ હોદ્દા રાષ્ટ્રપતિ પદની ચૂંટણીઓમાં ગુજરાત કોંગ્રેસમાં મોટાપાયે ક્રોસ વોટીંગ કરનારા સભ્યો કોંગ્રેસને મળતા નથી. એટલે આ આખો મુદ્દો કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાના જંગ સમાન બની જવા પામ્યો છે. જે સભ્યોનાં નામ બહાર આવ્યા એ બધાએ ક્રોસ વોટીંગ કર્યાનો સ્પષ્ટ ઇન્કાર કરી દેતા કોંગ્રેસ માટે આ મુદ્દો વણ ઉકેલ્યા કોયડા જેવો બનીને રહી ગયો છે.

પરિણામ જાહેર થયા બાદ ચૂંટણી પંચ પાસેથી ક્રોસ વોટીંગની વિગતો બહાર આવી હતી. જેના પગલે ગુજરાત કોંગ્રેસમાં ઉત્પાત મચી ગયો. રાષ્ટ્રપતિ ભવન અને સંસદ સચિવાલયના સૂત્રો પાસેથી બહાર આવ્યું તેમ મતદાન (અનુ.પાના નં.૪ ઉપર)



**રાજકોટ: ગોંડલ રોડ ઉપર માલધારી ફાટકે ભાંગેલા રસ્તાઓથી ત્રસ્ત કારખાનેદારો**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક



**સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો**

http://www.saurashtrakranti.com/subscribe/

### રાંધણ ગેસ પરની સબસીડી ધીમે ધીમે ખતમ

# એક વર્ષમાં ૧૧,૬૫૪ કરોડની બચત

## હવે માત્ર ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને જ એલપીજી સબસીડી આપવામાં આવશે

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૨૩

કેન્દ્ર સરકાર રાંધણગેસ સિલિન્ડર પરની સબસીડી સંપૂર્ણ ખત્મ કરવાના આરે પહોંચી ગઇ છે. પેટ્રોલીયમ મંત્રાલય દ્વારા લોકસભામાં જારી કરેલા આંકડાકીય રિપોર્ટ અંતર્ગત ૨૦૧૧માં રાંધણગેસ સબસીડી ૧૧૮૯૬ કરોડ હતી તે હવે ૨૦૨૨માં માત્ર ૨૪૨ કરોડ રહી ગઇ છે.

પેટ્રોલીયમ રાજ્યમંત્રી રામેશ્વર તેલીએ લોકસભામાં લેખિત જવાબમાં કહ્યું હતું કે ભારતમાં પેટ્રોલ-ગેસની કિંમત આંતરરાષ્ટ્રીય ભાવના આધારે નક્કી થાય છે છતાં સરકાર વખતોવખત ભાવ નિયંત્રણમાં રાખવા પ્રયત્નો કરે છે. રાંધણ ગેસ સિલિન્ડર સબસીડી પેટે નાણાકીય વર્ષ ૨૦૧૮માં ૨૩૪૬૪ કરોડ, ૨૦૧૯માં ૩૭૨૦૯ કરોડ તથા ૨૦૨૦માં ૨૪૧૭૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

૨૦૨માં માત્ર પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને જ સબસીડી આપવાનું નક્કી થતાં લાભાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો થઇ ગયો છે. આ યોજના હેઠળનાં લાભાર્થીઓને વર્ષમાં ૧૨ સિલિન્ડર દીઠ રૂા. ૨૦૦-૨૦૦ની સબસીડી ચૂકવવામાં આવે છે. અને સીધી બેંક ખાતામાં જ જમા કરવામાં આવે છે. દેશમાં રાંધણ ગેસમાં ભાવમાં સતત વધારો થઇ રહ્યો છે. સિલિન્ડરની કિંમત ૫૮૧.૫૦ હતી તે હાલ દિલ્હીમાં ૧૦૫૩ છે.(૯)

### પ્રથમ પ્રિ–પોલ સર્વે જાહેર

# વડાપ્રધાનની દૌટમાં ઋષિ સૂનક પર લીઝ ટ્રસની સરસાઈ



**(એજન્સી સમાચાર)**

લંડન, તા.૨૩

## હવે તા.૪ ઓગષ્ટથી વાસ્તવિક મતદાન થશે

બ્રિટનના નવા વડાપ્રધાન માટે રૂઢીચુસ્ત પક્ષના જ બે સાંસદ ભારતીય મૂળના ઋષિ સૂનક અને વિદેશ મંત્રી લીઝ ટ્રસ વચ્ચે શરૂ થયેલી આખરી રાઉન્ડની સ્પર્ધામાં પ્રથમ તબક્કે જ લીઝ ટ્રસે પ્રારંભિક સરસાઈ મેળવી છે. સાંસદોના મતોમાં ઋષી સૂનક નંબર વન હતા.

પણ હવે પક્ષના સભ્યોની વડાપ્રધાનની પસંદગી મતદાન પ્રક્રિયા શરૂ થાય તે પૂર્વે જે કરાયેલા સર્વેક્ષણમાં ૬૨% સભ્યોએ લીઝ ટ્રસ અને ૩૮% એ ઋષી (અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

---

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

**WhatsApp કરો**

**તમારા ન્યુઝને**

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

---

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




**આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો**

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

---

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

**પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર**

**જાહેરાત માટે સંપર્ક કરો:**
**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

# તંત્રી સ્થાનેથી...

## બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા વાલીઓ સમર્થ બન્યા

બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતિત આર્થિક અને વંચિત વર્ગ માટે શિક્ષણના અધિકારનો કાયદો રાઈટ ટુ એજ્યુકેશન આશાનું નવું કિરણ બન્યો છે. ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો પણ હવે તેમની મનપસંદગીની ખાનગી શાળામાં ભણી શકે છે. સુસંસ્કૃત અને ચારિત્ર્યવાન સમાજ નિર્માણમાં શિક્ષણનું ખુબ જ મહત્વ છે. રાષ્ટ્રના ઉત્તમ નાગરિકના ઘડતરમાં પાયાનું અને પ્રાથમિક શિક્ષણ મળે તે ખુબ જ જરૂરી છે. શાળાએ ઉત્તમ જીવન ઘડતરનો પ્રથમ અધ્યાય છે. દરેક માતાપિતાની ઈચ્છા હોય છે કે તેમના બાળકો ભણી-ગણીને ખુબ આગળ વધે પરંતુ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે ખાનગી શાળાનું સારૂં શિક્ષણ એ માત્ર એક સ્વપન બનીને રહી જતું. પરંતુ જ્યારથી RTE એક્ટ અમલમાં મુક્યો છે ત્યારથી બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા વાલીઓ સમર્થ બન્યા છે.

રાજકોટ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ થયેલી કામગીરી અંગે જિલ્લા શિક્ષણાધિકારીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં RTE હેઠળ કુલ ૯૭૯ શાળાઓ નોંધાયેલ છે, જેમાં ૪૮૨ શાળા રાજકોટ શહેર તથા ૪૯૭ શાળા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં રાજકોટ શહેરનાં ૩૪૬૧ બાળકો તથા ગ્રામ્ય વિસ્તારનાં ૨૦૫૪ બાળકોને ખાનગી શાળામાં વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, RTE એક્ટ વર્ષ ૨૦૦૯ થી અમલમાં આવ્યો અને વર્ષ ૨૦૧૩ થી શાળાઓમાં પ્રવેશ આપવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૩થી લઈને અત્યાર સુધીમાં હેઠળ કુલ ૪૭૦૦૦ થી પણ વધુ બાળકોને વિનામૂલ્યે શિક્ષણ સુવિધા પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા એક બાળક દીઠ શાળાને રૂા.૧૩૦૦૦ શૈક્ષણિક ફી તરીકે ચુકવવામાં આવે છે, જ્યારે રૂા.૩૦૦૦ બાળકને યુનિફોર્મ અને પુસ્તકો ખરીદવા માટે સહાય પેટે ચુકવવામાં આવે છે. રાજકોટ જિલ્લાની ૯૭૯થી વધુ શાળાઓમાં અભ્યાસ કરતા ૪૭૦૦૦થી વધુ બાળકોની અંદાજીત રૂપિયા ૩૨ કરોડથી વધુની ફી રાજય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે તેમ જિલ્લા શિક્ષણાધિકારીએ ઉમેર્યું હતું. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિનિયમ - ૨૦૦૯ અને બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકારના નિયમો - ૨૦૧૨ મુજબ ગુજરાતનું કોઈ બાળક શિક્ષાથી વંચિત ન રહે તે માટે ગુજરાત સરકાર કટીબદ્ધ છે ત્યારે આર્થિક રીતે નબળા અને વંચિત જૂથના બાળકોનું ખાનગી શાળામાં ભણવાનું સ્વપન સાકાર કરવા ૬થી ૧૪ વર્ષના દરેક બાળકોને વિનામૂલ્યે ફરજિયાત શિક્ષણ આપવા માટે RTE કાયદો અમલમાં છે. જેમાં ખાનગી શાળામાં ધોરણ ૧ થી ૨૫%ના રેશિયો મુજબ ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. સામાજિક, શૈક્ષણિક પછાત વર્ગ,અન્ય પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો, જનરલ કેટેગરી, બિન અનામત વર્ગના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. જેમાં ગ્રામ્ય કક્ષાએ પરિવારની વાર્ષિક આવક રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરીકક્ષાએ પરિવારની આવક રૂ.૧,૫૦,૦૦૦ હોય તેવા કુટુંબના બાળકોને પ્રવેશ આપવાની જોગવાઈ છે. બાળ મજૂર, દિવ્યાંગ, એચ.આઈ.વી ગ્રસ્ત, અનાથ, સાર સંભાળ અને સંરક્ષણની જરૂરિયાત હોય તેવા બાળકોને પ્રવેશ માટે અગ્રતા આપવામાં આવે છે.

# ગુજરાતના અમદાવાદ, રાજકોટ અને સુરત રોકાણકારોની પહેલી પસંદગી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવીદિલ્હી,તા.૨૩

કોવિડ -૧૯ હોવા છતાં, રહેણાંક રિયલ એસ્ટેટ બજાર ફૂલીફાલી રહ્યું છે, જેમાં ઘરો હોટ કેકની જેમ વેચાય છે. ટોચના ભારતીય શહેરોમાં રહેણાંક વિભાગ વધુ પડતો હકારાત્મક રહ્યો છે, જે તેને રોકાણની ટોચની પસંદગી બનાવે છે. ભારતના ટોચના શહેરોમાં રહેણાંક રિયલ એસ્ટેટની માંગ કોવિડ-૧૯-પ્રેરિત રોગચાળાના અનુસંધાનમાં વધી છે, કારણ કે રોગચાળા અને ક્રમિક લોકડાઉનને કારણે લોકોમાં ઘરની માલિકીની તીવ્ર ઇચ્છા વધી છે. વધુમાં, રોગચાળાએ એક રીમાઇન્ડર તરીકે સેવા આપી છે કે મુશ્કેલ સમયમાં વ્યક્તિનું ઘર સૌથી સુરક્ષિત સ્થાન છે. જાણીતા રિયલ એસ્ટેટ સ્ટ્રેટેજિસ્ટ હિરવ શાહે શેર કર્યું હતું કે ભારતમાં રિયલ એસ્ટેટ સેક્ટર રેસિડેન્શિયલ સેગમેન્ટમાં ૨૦૨૨માં લગભગ ૫% મૂડી મૂલ્ય વૃદ્ધિ અનુભવવા માટે તૈયાર છે. અમુક અનુમાનો જણાવે છે કે ૨૦૨૨માં વેચાણમાં વધારો થવાની ધારણા છે કારણ કે સંભવિત ઘર ખરીદનારાઓ મોટા ઘરોને પસંદ કરવાનું ચાલુ રાખશે, શ્રેષ્ઠ સુવિધાઓ અને આકર્ષક કિંમતો તેમને સોદા બંધ કરવામાં રસ રાખશે. દરમિયાન, ઓફિસોમાં કામ ચાલુ હોવાથી, વ્યાપારી ક્ષેત્રમાં રિકવરી અને લાઇટ-ટુ-ક્વોલિટી ટ્રેન્ડ ૨૦૨૨માં ભાડામાં સ્થિર રહેવાની ધારણા છે. વધુમાં, લકઝરી હાઉસિંગ માર્કેટ નજીકના ગાળામાં નવી ઊંચાઈને સ્પર્શવા માટે તૈયાર છે. ભારતના પ્રીમિયર રિયલ એસ્ટેટ રોકાણ સલાહકાર અને વ્યૂહરચનાકાર હિરવ શાહે જણાવ્યું હતું કે મોટા મહાનગરો સિવાય કોચી, આગ્રા, કોટા, નાગપુર, પુણે, ઇન્દોર, વિઝાગ અને અન્ય દરિયાકાંઠાના શહેરો ભારતમાં રિયલ એસ્ટેટમાં રોકાણ કરવા માટે શ્રેષ્ઠ સ્થળો હશે. રિયલ્ટી વિશ્લેષકોના મતે એર કનેક્ટિવિટી ઉત્તર-પૂર્વમાં પણ વિકાસને વેગ આપશે. ત્યારબાદ શ્રીનગર અને જમ્મુ જેવા સ્થળોની સાથે પટના, ભુવનેશ્વર, વિજયવાડા જેવા શહેરો સંભવિત બજારો તરીકે ઉભરી આવશે. જેવર ખાતેના આંતરરાષ્ટ્રીય હવાઈમથકને કારણે, શિમલા અને દેહરાદૂન જેવા શહેરો રોકાણ આકર્ષશે, જેમ કે ઈન્દોર કે જે મધ્યપ્રદેશ માટે વ્યાપારી અને શૈક્ષણિક હબ છે. જયપુર કે જે ઘણા મેન્યુફેક્ચરિંગ એકમોનું ઘર છે તે પણ આ સમયગાળામાં ઝડપી વિસ્તરણ જોશે. કોટામાં સ્ટુડન્ટ હાઉસિંગ સેગમેન્ટમાં ઉછાળો જોવા મળશે. સુરત, રાજકોટ, અમદાવાદ, નાસિક, રાયપુર, શિલોંગ, મૈસૂર અને કોઈમ્બતુર એવા શહેરોમાં છે જે ઘર ખરીદનારાઓ અને રોકાણકારો માટે આકર્ષક છે. નીતિ આયોગ



અપેક્ષા રાખે છે કે ભારતીય રિયલ એસ્ટેટ ક્ષેત્ર ૨૦૩૦ સુધીમાં ટ્રિલિયનના બજાર કદ સુધી પહોંચશે અને ૨૦૨૫ સુધીમાં ભારતના જીડીપીમાં ૧૩ ટકા હિસ્સો ધરાવશે. આર્થિક વૃદ્ધિ લાવવા માટે પહેલેથી જ ૨૦૨૨ માં તેની ઉપરની ગતિ ચાલુ રાખવા માટે ત્રીજું સૌથી મોટું ક્ષેત્ર, રિયલ એસ્ટેટ ઉદ્યોગની અપેક્ષા છે.

# લોઠડા ખાતે વૃક્ષારોપણ કરતા પ્રદેશ ભાજપ પ્રમુખ પાટીલ



**જે.કે વેલનેસ ફાઉન્ડેશન અને લોઠડા-પીપલાણા-પડવલા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન દ્વારા પ્રદેશ પ્રમુખનું ભવ્ય સ્વાગત કરાયું**

રાજકોટ: જે.કે. વેલનેસ ફાઉન્ડેશન અને લોઠડા-પીપલાણા-પડવલા દ્વારા ગઇકાલે શુક્રવારના રોજભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. લોઠડા-પીપલાણા-પડવલાના ઉદ્યોગકારો અને જે.કે. વેલનેસ ફાઉન્ડેશન તથા સદભાવના વૃધ્ધાશ્રમના સહયોગથી દર વર્ષે પાંચ હજાર એમ છેલ્લા ત્રણ વર્ષમાં પંદર હજાર વૃક્ષો વાવી અને ઉછેરેલ છે. આ વર્ષે પણ વૃક્ષારોપણ પૂરજોશમાં ચાલુ છે તેમાં અમે દસ હજાર વૃક્ષોનો લક્ષ્યાંક રાખેલ છે તે સહિત પચીસ હજારથી વધુ વૃક્ષોનો માઈલસ્ટોન પૂર્ણ થવાને આરે છે ત્યારે પ્રદેશ અધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી સી.આર.પાટીલના અધ્યક્ષ સ્થાને અને સંતો-મહંતો, રાજકીય મહાનુભાવો, સમાજના પ્રતિષ્ઠિત આગોવાનોની હાજરીમાં કાર્યક્રમ વૃક્ષારોપણની લોકગૃતિના અભ્યાન સ્વરૂપે રાખવામાં આવ્યા હતો. અને સંતો મહંતો તેમજ પ્રદેશ પ્રમુખ પાટીલ દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું.કાર્યક્રમાં ધારાસભ્યો, સાંસદો તેમજ જે.કે વેલનેસ ફાઉન્ડેશનના ચેરમેન જયંતિલાલ સરધારા, વા.ચેરમેન સંજય પડારીયા, સેક્રેટરી હરેશ પડારીયા તેમજ લોઠડા-પીપલાણા-પડવલા એસોસીએશનના ઉપ પ્રમુખ સંજય કાછડીયા, મંત્રી ભાવેશ બાલધા ખજાનચી વિઠ્લભાઇ બુસા ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં એક એએસઆઈ સહિત ૯ કર્મચારીઓને નિમણુંક આપતાં પો. કમિશનર

રાજકોટ: શહેર ક્રાઇમ બ્રાન્ચમાં એક એએસઆઈ સહિત નવ નવા કર્મચારીઓને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ નિમણૂંક આપી છે. જેમાં ત્રણ મહિલા કોન્સ્ટેબલનો પણ સમાવેશ થાય છે. આગામી દિવસોમાં વધુ નિમણુંકની પણ શકયતા જણાવાઈ છે.

## ઢેબર રોડ પર સિટી બસે બાઇકને ઠોકરે લેતાં બેને ઇજા



રાજકોટ તા. ૨૩: ઢેબર રોડ પર અંધ મહિલા વિકાસ ગૃહ પાસે સીટી બસની ઠોકરે બાઇક ચડી જતાં બે યુવાનને ઇજા થઇ હતી. રણુજા મંદિર પાસે રહેતાં અને લાદી કામની મજૂરી કરતાં હિતેન્દ્રભાઇ અશોકભાઇ કાચા (ઉ.૩૪) તથા સોરઠીયાવાડી પાસે રહેતાં દિપકભાઇ લક્ષ્મણભાઇ વાંક (ઉ.૨૨) સાંજે બાઇકમાં બેસને જતાં હતાં ત્યારે ઢેબર રોડ પર સીટી બસના ચાલકે ઠોકરે લેતાં બંનેને ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

# રાજકોટમાં હળવો વરસાદ, સિઝનનો કુલ ૨૪.૧૭ ઈંચ થયો

**બે અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની અસરથી નવો રાઉન્ડ શરૂ થશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસથી છૂટાછવાયા હળવા વરસાદ બાદ ફરી સાર્વત્રિક વરસાદનો નવો રાઉન્ડ શરૂ થશે. બે અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની અસર વચ્ચે બહોળુ સરક્યુલેશન સર્જાવાની આગાહી વચ્ચે ચોમાસુ દક્ષિણ તરફ સક્રિય થાય તેવા અણસાર દેખાઇ રહ્યા છે. રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદની આગાહી વચ્ચે એક તબક્કે સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર ઓછું રહેશે તેવી આગાહી થઇ રહી છે. શુક્રવારે પણ રાજકોટમાં ઠેર-ઠેર છૂટાછવાયા ઝાપટાં પડ્યા હતા, આજે વધુ એક ઝાપટું વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાં જળજથ્થો ૩.૮૯ વધી ૧૪૧૨.૭૭ મિલિયન ક્યૂબિક ફિટ (એમસીએફટી) થયો હતો.છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૯ તાલુકાઓમાં સામાન્યથી માંડી હળવો વરસાદ પડ્યો હતો. માત્ર ૧૬ તાલુકાઓમાં ૧૦ મી.મી.થી વધુ વરસાદ નોંધાયો હતો. ગુજરાતમાં ૨૨મી જુલાઇની સ્થિતિ મુજબ સિઝનનો અંદાજે ૬૦.૫૦ ટકા વરસાદ પડી ગયો છે. ઝોનવાઇઝ રિપોર્ટ મુજબ સૌરાષ્ટ્રમાં સિઝનનો ૫૮ ટકા વરસાદ પડી ગયો છે. રાજકોટ ફાયરબ્રિગેડ મુજબ શુક્રવારે સેન્ટ્રલ ઝોનમાં ૫ મી.મી., ઇસ્ટ ઝોનમાં ૩ મી.મી.અને વેસ્ટ ઝોનમાં ૬ મી.મી. સાથે શહેરનો સિઝનનો કુલ વરસાદ ૨૪.૧૭ ઇંચ નોંધાયો છે. હવામાન ખાતાની વિગતો મુજબ સાંજે ૫.૩૦ કલાકે તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ સાથે હવાની પ્રતિ કલાક ૨૦ કિ.મી.ની ઝડપ સાથે ભેજનું પ્રમાણ ૭૫ ટકા નોંધાયું હતું. રાજકોટ જિલ્લાના ડેમમાં પણ નવાનીરની ધીમી આવક ચાલુ છે.

## તાજેતરમાં દાગીનાની ૧.૪૮ કરોડની લુંટમાં સામેલ સગીર અને બુટલેગર પિતા ઝડપાયા

**વલસાડ પોલીસે બાતમી આધારે દબોચી લીધાઃ રાજકોટ પોલીસ ટ્રાન્સફર વોરંટથી બંનેનો કબ્જે લેશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ. તા.૨૩

રાજકોટના યાજ્ઞિક રોડ પર આવેલ ટીબીઝેડ નામના શોરૂમના મેનેજર વિશાલભાઈ શુકલાને ઘેર બોલાવી તેની પાસેથી રૂ.૧.૪૮ કરોડના દાગીનાની લૂંટ ચલાવવાના બનાવમાં પોલીસે નામચીન બુટલેગરની પત્ની બીલકીશબાનુ તથા તેના પિતા હનીફ સોઢા અને બીલકીશના સગીર વયના પુત્ર સામે ગુનો નોંધી ગાંધીગ્રામ પોલીસે ગણતરીની કલાકોમાં જ બીલકીશની ધરપકડ કરી તેની પાસેથી રૂ.૧.૪૮ કરોડની કિમતના દાગીના કબજે કરી વધુ બેને પકડી લેવા મથામણ કરી હતી. દરમ્યાન વલસાડ પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે રાજકોટના નામચીન બુટલેગર યાકુબ મુસા મોટાણી અને તેના સગીર પુત્રને ઝડપી લઇ તપાસ કરતા રાજકોટમાં રૂ. ૧.૪૮ કરોડના સોનાના દાગીનાની લૂંટનાતાજેતરના જ બનાવમાં યાકુબનો પુત્ર તેમજ યાકુબ પણ વિદેશી દારૂના ગુનામાં રાજકોટ પોલીસમાં ફરાર હોય ટ્રાન્સફર વોરંટથી બંનેનો કબજો લેવાની કાર્યવાહી કરી છે તેમજ લૂટના ગુનામાં હનીફ સોઢાને પકડી લેવા કાર્યવાહી કરી છે.

## હળવદના જુના દેવળીયાના સરપંચ પર કુટુંબી ભાઇનો છરીથી હુમલો

**પ્લોટમાંથી પાણી કઢાવવા મામલે ૧૮મીએ કરતાં ધરપકડ થઇ હતીઃ સરપંચને મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા**

(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૩

હળવદના જુના દેવળીયા ગામના સરપંચ વશરામભાઇ મુળજીભાઇ સોલંકી (ઉ.વ.૪૦) પર ગામમાં જ રહેતાં તેના કુટુંબી ભાઇ શૈલેષ હરિભાઇ સોલંકીએ ગઇકાલે સાંજે ગામના સ્મશાન નજીક છરીથી હુમલો કરી ઘા ઝીંકી દેતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે હળવદ પોલીસને જાણ કરી હતી.

વશરામભાઇના કહેવા મુજબ શૈલેષે પ્લોટ લીધો હોઇ તેમાં પાણી ભરાયું હોઇ ગત ૧૮મીએ તેણે મને આ પ્લોટમાંથી પાણી બીજાના પ્લોટમાં કઢાવી દેવા માટે કહેતાં મેં તેને બીજાના પ્લોટમાં પાણી ન જવા દેવાય તેમ કહીને સમજાવી આવુ કામ કરવાની ના પાડતાં તેણે મને કહેલું કે ઘરના કામ ન કરો તો સરપંચ શું કામના? તેમ કહી મારામારી કરતાં મેં તેના વિરૂધ્ધ ફરિયાદ કરી હતી.



આ બનાવમાં તેની ધરપકડ થતાં ગઇકાલે જ તે જામીન પર છુટીને આવ્યો હતો અને હું બાંધકામની સાઇટ પર જતો હોઇ મને રસ્તામાં રોકીને ફરીથી હુમલો કર્યો હતો. આક્ષેપો અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.


ચુંવાળીયા કોળી સમાજનાં આગેવાન, પારદર્શક વ્યક્તિત્વ ધરાવતા યુવા અગ્રણી ઉદ્યોગપતિ

**શ્રી ધર્મેશભાઈ જંજવાડીયાને ખૂબ ખૂબ અભિનંદન**



ચુંવાળીયા કોળી સમાજ માટે સંકટ સમયની સાંકળ સમાન, યુવાન, બહુમુખી પ્રતિભાનાં માલીક, નખશીખ પ્રમાણીક

**શ્રીમાન ધર્મેશભાઈ જંજવાડીયા**

સમસ્ત ગુજરાત ચુંવાળીયા કોળી સમાજનાં પ્રમુખપદે નિયુકત થતા ખૂબ ખૂબ અભિનંદન... આપ સમાજ અને દેશની પ્રગતિમાં સતત કાર્યરત રહો એવી શુભકામના...

- રામજીભાઈ વઘાસીયા
- જગદિશભાઈ લીંબાસીયા
- દિનેશભાઈ ગઢીયા
- મહેશભાઈ કિયાડા
- રાજેશભાઈ લીંબાસીયા
- અતુલભાઈ મારૂ - રંગોલી ગ્રુપ
- ઘનશ્યામભાઈ કાચા
- મુકેશભાઈ માયાણી
- હિતેશભાઈ મુંગપરા
- નિર્મળભાઈ ખાટરીયા
- ભરતભાઈ વિરડીયા
- ધીરૂભાઈ વેકરીયા
- ધર્મેશભાઈ ટીલાળા - શાપર
- બાબુભાઈ ગઢીયા - શાપર
- દિલીપભાઈ ગઢીયા - શાપર
- અશોકભાઈ વોરા - શાપર
- સંજયભાઈ કોરાટ - શાપર
- સંજયભાઈ ગઢીયા - શાપર
- અશ્વિનભાઈ ગઢીયા - શાપર
- દામજીભાઈ હીરપરા - શાપર
- વિનુભાઈ ઉંધાડ
- જયેશભાઈ ગઢીયા - શાપર
- નિલેશભાઈ રામોલીયા - શાપર
- ધીરેન્દ્રભાઈ સીયાણી


## બંધ મકાનના તાળા તોડી ૧.૯૧ લાખની મતા અને ૧ હજાર પાઉન્ડની ચોરી

**અમરેલી એન્જીનીયર દીકરીને મળવા ગયા હતાને પાછળથી તસ્કરોનો હાથફેરો**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૩

શહેરમાં કહેવાતા પોલીસના સઘન બંદોબસ્ત વચ્ચે તસ્કરો બેલ્લામ બન્યા છે ત્યારે રૈયા ચોકડી નજીક સરકારી કર્મચારી સોસાયટીમાં બંધ મકાનના તાળા તોડી તસ્કરો રૂ. ૧.૯૧ લાખની મતા તેમજ ૧૦૦૦ પાઉન્ડની ચોરી કરી ગયાની યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. શહેરની સરકારી કર્મચારી સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન પસાર કરતા રાજેન્દ્રભાઈ ગોવિંદજી ટાકોદરા ઉ.૬૬ ગત ૧૪ તારીખે બપોરે પત્ની અને લંડનથી આવેલા પાટલા સાસુ સાથે અમરેલી સિવિલ હોસ્પિટલમાં એન્જીનીયર તરીકે નોકરી કરતી દીકરીને મળવા માટે ગયા હતા દરમ્યાન ૨૧ તારીખે સાંજે પરત આવીને જોતા મેઈન દરવાજાનુ તાળું તૂટેલું જોવા મળ્યું હતું ચેક કરતા સોનાનો ચેઈન, પેન્ડલ, કાનની બે બુટી, એક ચૂક, બુટીયા, ૪૨ ઈંચનું ટીવી અને યુકેનું ચલણ ૧૦૦૦ પાઉન્ડ સહિતની મતા તસ્કરો ચોરી કરી ગયા હોય ચોરી અંગે કંટ્રોલમાં જાણ કરતા યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઈ એમ આર ઝાલા સહિતના સ્ટાફે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

## કારખાનેદારના રેઢા સ્કૂટરમાંથી ડેકી તોડી રૂ.૩ લાખની ઉઠાંતરી

**સીસીટીવી ફટેજના આધારે ગઠીયાની શોધખોળ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૩

શહેરમાં પોલીસના પેટ્રોલિંગ વચ્ચે ચોર-ગઠીયાઓ બેફામ બન્યા છે. આજી વસાહતમાં કારખાનેદારના સ્કૂટરની ડેકી તોડી તસ્કરો મીનિટોમાં જ રૂ.૩ લાખની ઉઠાંતરી કરી નાસી જતા વેપારીએ નોંધાવેલી ફરિયાદના આધારે થોરાડા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે આરોપીને ઝડપી લેવા મથામણ કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કોઠારીયા રીંગરોડ સત્યમ બંગલોઝમાં રહેતા અને આજી વસાહતમાં જીયા એન્ટરપ્રાઈઝ નામનું કારખાનું ચલાવતા મહેન્દ્રભાઈ સુરેશભાઈ ખુંટએ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ઢેબર રોડ પર આવેલ રમેશ શંકર આંગડીયા પેઢીમાંથી આવેલા રૂપિયા ત્રણ લાખ લેવા માટે ગયા હતા. ત્યાંથી લઈ સ્કૂટરની ડેકીમાં રૂપિયા રાખી કારખાને આવી કારખાનાનું દરવાજો ખોલી પાણી પીવા માટે અંદર ગયા હતા ત્યાંથી બહાર આવતા સ્કૂટરની ડેકી ખુલ્લી હોય અને ડેકીમાં રહેલા રૂપિયા પણ ગાયબ હોય જાણ કરતા પીઆઈ દેસાઈ સહિતના સ્ટાફે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરને પકડી લેવા કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ ક્રાઈમ

## મહેફીલ માણતા ચાર ઝડપાયા

શહેર પોલીસ કંટ્રોલરૂમમાં જાગૃત નાગરિકે ફોન કરી માહિતી આપી હતી કે મોરબી બાયપાસ રોડ પર ધ સ્પેસ નામના બિલ્ડીંગમાં એક ફ્લેટમાં અમુક શખ્સો મહેફિલ માણી રહ્યા છે આ માહિતી આધારે ગાંધીગ્રામ પોલીસે દરોડો પાડી દારૂ ઢીંચી રહેલા ચિરાગ પ્રવીણ સુદાણી, સાગર વાલજી ચૌહાણ, ચંદુ ભીમજી હાપલીયા અને વિજય મહિપત ઝાલાની ધરપકડ કરી ૧૦૦ એમએલ દારૂ કબજે કર્યો હતો પ્રાથમિક પુછતાછમાં આ ફ્લેટ શીતલબેન ગોરવીયાની માલિકીનો હોવાનું અને મિત્રતાના દાવે ચાવી મેળવી મહેફીલ માણતા હોવાનું જાણવા મળ્યું છે.

## ઈમિટેશનનો કાચો માલ ચોરનાર ત્રિપુટી ઝડપાઈ

શહેરની રાજારામ સોસાયટીમાં રહેતો ક્રિષ્નાદેવ ઈમિટેશનના કાચા માલના બાચકા એકટીવામાં મુકતો હતો ત્યારે કોઈએ ચોરી કરી લીધી હતી આ ચોરીને અંજામ આપનાર જીતેશ બાબુ બાબરિયા, રાહુલ કેશ પાટડીયા અને કિશન ભરત ચણીયારાને ઝડપી લઇ ૩૦ હજારનો કાચો માલ અને બાઈક કબ્જે કર્યા છે.

## ન્યારી ડેમમાંથી કોલેજીયન યુવાનની લાશ મળી

ન્યારી ડેમમાં યુવાનની લાશ તરતી હોવાની જાણ થતા તાલુકા પોલીસ, ફાયર બ્રિગ્રેડ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી જઈ તપાસ કરતા મૃતક યુવાન કાલાવડ રોડ પર જ્યોતીનગરમાં રહેતો નીસર્ગગીરી અલ્પેશગીરી ગૌસ્વામી (ઉ.વ. ૨૨) હોવાનું હોવાનું અને કોલેજમાં અભ્યાસ કરતો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસની વિશેષ તપાસમાં ડેમ પાસેથી યુવાનનો મોબાઈલ અને ચશ્મા મળી આવતા કોલેજીયન યુવાને આપઘાત કર્યો હોવાની શંકાએ તપાસ હાથ ધરી છે.

## પેસેન્જર ભરવા નહીં કહીં યુવકને છરી ઝીકી

શહેરની સીતારામ સોસાયટીમાં રહેતો રિક્ષાચાલક પરેશ રામભાઈ કટારીયા (ઉ.૨૨) ગોંડલ ચોકડીએ પેસેન્જર ભરતો હતો ત્યારે કોટડાસાંગાણીનો તૌફીક અને એક અજાણ્યા શખ્સે તારે અહીંથી પેસેન્જર ભરવા નહિં તેમ કહી ગાળો ભાંડી છરીથી હુમલો કર્યો હતો દેકારો થતા અન્ય લોકો દોડી આવ્યા હતા અને હોસ્પિટલે ખસેડ્યો હતો આ અંગે ફરિયાદ નોંધાવતા આજી ડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી છે.

## લાપાસરી રોડ પર જુગાર રમતા નવ ઝડપાયા

શહેરમાં જુગારના કેસો કરવાની સુચના અન્વયે આજી ડેમ પોલીસના પીએસઆઈ જે કે ગઢવી અને ટીમે લાપાસરી રોડ પર ઋષિપ્રસાદ સોસાયટીમાં દરોડો પાડી જુગાર રમતા ભગવાન ધ્રાંગા, સુરસિહ વાળા, કિશોર સરવૈયા, શોએબ મિરજા, જનક પરમાર, રવી લાલવાણી, ગીતાબેન ઠક્કર, સોનલબેન રાઠોડ અને ચાંદનીબેન મકવાણાને ઝડપી લઇ રોકડા ૧૨,૦૦૦ કબ્જે કર્યા છે.

## બે દરોડામાં ૭૯ હજારના દારૂ સાથે ત્રણ ઝડપાયા

શહેરમાં દારૂની હેરાફેરી ઉપર વોચ રાખવાની સુચના અંતર્ગત ભક્તિનગર પોલીસ મથકના એએસઆઈ મનરૂપગીરી ગોસ્વામી સહિતના સ્ટાફે બાતમી આધારે મીલપરા મેઈન રોડ પર કીર્તન પ્રિન્ટ નામની દુકાનમાં દરોડો પાડી ૭૨ હજારના ૧૪૪ બોટલ દારૂ સાથે પરેશ હાલ્લભ કુવારદીયા અને નીલેશ મુકેશ સોલંકીની ધરપકડ કરી હતી જયારે એ ડી-વીઝન પોલીસે આલીમ અલી શેખને ૧૮ બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો.

## ફાંસો ખાઈ આપઘાત

શહેરની જલજીત સોસાયટીમાં રહેતા સચીનભાઈ હસમુખભાઈ કોટેચા ૩૧ નામના યુવાને ઘરે છતના હુકમાં ઓછાડ બાંધી ફાસો ખાઈ આપઘાત કરી લેતા માલવિયાનગર પોલીસ મથકના પીએસઆઈ બી બી રાણા સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક સ્ક્રેપનો ધંધો કરતા હોવાનું અને ત્રણ બહેનોનો એકનો એક ભાઈ હોવાનું જાણવા મળ્યું છે પોલીસે આપઘાતનું કારણ જાણવા વિશેષ તપાસ હાથ ધરી છે.



# રાજકોટના કુવાડવા ગામમાં લોકોના મણકા ભાંગી નાખે તેવા ભંગાર રસ્તા

## જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરતા ગજુભા ઝાલા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩

લોક સંસદ વિચાર મંચના સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા મહાનગરપાલિકા વોર્ડ નંબર ૩ ના પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી નારી સુરક્ષા સમિતિના મહામંત્રી સરલાબેન પાટડીયા સંયુક્ત યાદી જણાવે છે કે, રાજકોટ અમદાવાદ હાઈ-વે પર ના ૧૫૦૦૦થી વધુ વસ્તી ધરાવતા કુવાડવા ગામમાં તૂટેલા અને ભંગાર રસ્તાઓના ખાડાઓમાં વરસાદી પાણી ભરાવા ને પગલે જાનહાનિ થવાની દહેશત ઊભી થઈ છે. કુવાડવામાંથી પસાર થતી એસટી ની બસો ને પગલે અને ભારે વાહનોની સતત અવરજવરને કારણે કુવાડવા બસ સ્ટેન્ડ પાસે ટ્રાફિક સમસ્યા વિકરાળ બની છે ત્યારે રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ અને કુવાડવા પોલીસ સ્ટેશન ના જવાબદાર પોલીસ અધિકારીઓ આમ જનતાને હાઇ-વે પ્રોજેક્ટમાંથી કરોડોનો દંડ વસૂલવાને બદલે કુવાડવા બસ સ્ટેન્ડ પાસે પણ ક્યારેક લટાર મારે અને યોગ્ય કરે તે જરૂરી છે. ભંગાર રસ્તાના પ્રશ્ને એસટીની કમાનો રોજબરોજ તૂટી રહી છે. અત્યંત બિસ્માર રસ્તાના પગલે મસ મોટા ખાડાઓ પડી ગયા છે. અને આ ખાડાઓને પગલે એ ખાડામાં વરસાદીની પાણી ભરાયેલું રહે છે. ખાડાઓને પગલે એસટીની બસમાં રોજબરોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ, વાહન ચાલકોના અને આમ જનતાના કમરના મણકા તૂટી જાય એ હદે મસ મોટા બબ્બે ત્રણ-ત્રણ ફૂટના ખાડાઓ છે. આ ખાડાઓની મરામત કરવા મંચના ગજેન્દ્રસિંહ ઝાલાએ રાજકોટ જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા ને અને કાર્યપાલક ઇજનેર ચિરાગભાઈને ખાડાઓની તાત્કાલિક મરામત કરી યોગ્ય કરવા ટેલીફોનિક ફરિયાદ કરી છે. જે પગલે કાર્યપાલક ઇજનેરે સાથે રાખી સર્વે કરાવી તાત્કાલિક કમર તોડ રસ્તા અંગે યોગ્ય કરવાની ખાતરી આપી હતી.

---

ફરી એકવાર નીરજ ચોપરાની નજર ગોલ્ડ પર છે

# નીરજ ચોપરાએ ૮૮.૩૯ મીટર ભાલો ફેંકીને ફાઈનલમાં એન્ટ્રી કરી

## નીરજે પહેલા જ એટેમ્પ્ટમાં ૮૮.૩૯ મીટર દૂર ભાલો ફેંકીને મેન્સ જેવલિન માટે શાનદાર ક્વાલિફાઈ કરી લીધું

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી,તા.૨૩



જાપાન ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતીને તરખાટ મચાવનારા ગોલ્ડન બોયથી જાણીતા ભારતીય એથલિટી નિરજ ચોપરા ફરી ગોલ્ડની રેસમાં આગળ છે. ભારતના સ્ટાર એથલિટ નીરજ ચોપરાએ વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં પણ પોતાનું ફોર્મ યથાવત રાખ્યું છે.

નીરજે પહેલા જ એટેમ્પ્ટમાં ૮૮.૩૯ મીટર દૂર ભાલો ફેંકીને મેન્સ જેવલિન માટે શાનદાર ક્વાલિફાઈ કરી લીધું છે. ટોકિયો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીતનારા નીર ચોપરા વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં પણ સફળતાની નજીક પહોંચી ગયો છે. અમેરિકાના ઓરેગોનમાં આયોજીત આ સ્પર્ધમાં નીરજ ચોપરાની ઈવેન્ટમાં ૩૪ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધકોને બે ક્વોલિફાઈંગ ગ્રુપમાં વહેંચવામાં આવ્યા છે.

આ બન્ને ગ્રુપના ૧૨ બેસ્ટ ખેલાડીઓ વચ્ચે શનિવારે થનારી ફાઈનલ ઈવેન્ટમાં ભાલો ફેંકવાની તક મળશે. ૨૪ વર્ષના નીરજ ચોપરાએ ગ્રુપ છના ક્વાલોફિકેશન રાઉન્ડમાં પોતાના કરિયરનો ત્રીજો સૌથી શાનદાર થ્રો કરીને ક્વોલિફાય કરી લીધું છે.

ફરી એકવાર નીરજ ચોપરા ફાઈનલમાં પહોંચતા તેને સોશિયલ મીડિયા પર શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે અને તે ફરી એકવાર દેશનું નામ રોશન કરે તેવી કામના કરવામાં આવી રહી છે. આ ખેલાડીએ જાપાનમાં રમાયેલા ઓલિમ્પિકમાં પણ કોઈને કલ્પના નહોતી તેવી કમાલ કરી બતાવી હતી.

---

# રાજકોટ આચાર્ય સંઘના પ્રમુખ તરીકે વિનોદ ગજેરાની વરણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩



શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ - ૨૦૨૩ માં રાજકોટ આચાર્ય સંઘના પ્રમુખ તરીકે શ્રી લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય - રાજકોટના પ્રિન્સિપાલ વિનોદભાઈ ગજેરા અને વિદ્યાલય - રાજકોટના પ્રિન્સિપાલ કિશોભાઈ દવે મહામંત્રી કે.પી. હિરપરા અને મમતાબેન પુરોહિત ઉપપ્રમુખ, તુષારભાઈ પંડયા સાસ્વતમંત્રી આશિષભાઈ પાઠક કલ્યાણ નિધિ કન્વીનર શૈલેષભાઇ સોજીત્રા સહમંત્રી ભાવેશભાઈ વ્યાસ ખજાનચી તરીકે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.

નવા નિમાયેલ પ્રમુખ વિનોદભાઈ ગજેરા રાજકોટ શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના સંયોજક, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ-ગાંધીનગરના સંગઠન મંત્રી, પટેલ સેવા સમાજ આટકોટ સંચાલિત કે. ડી. પરવાડીયા હોસ્પિટલ-આટકોટ અને વિદ્યાવિહાર હાઈસ્કૂલ - આટકોટના લેઉવા પટેલ કર્મ. મંડળ-જસદણના ઉપપ્રમુખ, કર્મ. સહકારી મંડળી જસદણના કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપી રહેલ છે. પ્રમુખસ્થાને ગજેરા વર્ષોથી સંગઠનમાં જોડાયેલ, શિક્ષણ જગતના વિદ્યાર્થી,વાલી, આચાર્ય, શાળા, શિક્ષણબોર્ડ, શિક્ષણ વિભાગના માટે સતત કાર્યશીલ, વહીવટી બ્રેડ જ્ઞાન ધરાવતા અનુભવી, તટસ્થ, સ્પષ્ટ અને સત્યવક્તા, નીડર અને આત્મવિશ્વાસ ધરાવતા શિક્ષણના પ્રશ્નોના ઉકેલ માટે કાયમ માર્ગદર્શનની ભૂમિકામાં રહેલ. આ તકે વિવિધ જિલ્લાના હોદેદારો, શૈ. સંસ્થાના સંચાલકો, શિક્ષક સંઘ, વહીવટી સંઘ સહિતના એ શુભેચ્છા પાઠવી છે. તેમ યાદીમાં જણાવ્યું છે. તેમ યાદીમાં જણાવ્યું છે.

---

# ૨૭,૨૬૨ પશુઓનું રસીકરણ કરાયું: અસરગ્રસ્ત ૩૫૪ પશુઓ સારવાર હેઠળ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩

લમ્પી સ્કીન રોગથી પશુઓને સુરક્ષિત રાખવા માટે જિલ્લા પંચાયતના પશુપાલન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લાના ૧૧ તાલુકાઓમાં પશુ ચિકિત્સકોની ૪૯ ટીમનું આયોજન કરીને રસીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

લમ્પી સ્કિન રોગ અને તેની અફવાઓથી ગભરાયા વિના તાત્કાલિક પશુ ચિકિત્સકનો સંપર્ક સાધવાની સલાહ આપતાં જિલ્લા પંચાયત પશુપાલન વિભાગના નાયબ નિયામક ડો.કે.યુ.ખાનપરાએ જણાવ્યું છે કે, જિલ્લાના ૧૧ તાલુકાઓમાં ૪૯ ટીમ કાર્યરત છે. તા. ૨૨ જુલાઈની સાંજની સ્થિતિમાં અસ્તગ્રસ્ત ૩૪ ગામોમાં લમ્પી સ્કીન રોગથી સંક્રમિત ૩૫૪ પશુઓ નોંધાયા છે. જેની સારવાર શરૂ છે તેમજ અત્યાર સુધીમાં એટલે કે ૨૨ જુલાઈ સુધીમાં ૨૭,૨૬૨ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત લમ્પી સ્કિન રોગથી એક પશુનું મરણ નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે લમ્પી સ્કીન રોગની સારવાર શક્ય છે એટલે ગભરાયા વિના પશુ પાલકોએ ૧૯૬૨ ઉપર ફોન કરીને અથવા તાલુકાના પશુ ચિકિત્સકનો સંપર્ક કરીને પશુઓને તાત્કાલિક સારવાર મળે તેવા પગલાં લેવા જોઈએ. જિલ્લાના પશુપાલન વિભાગ દ્વારા દરેક તાલુકામાં એક અને રાજકોટ ખાતે બે ૧૯૬૨ એમ્બ્યુલન્સની વ્યવસ્થા રાખવામાં આવી છે. તેમજ પશુનું મરણ થાય તો પોસ્ટમોર્ટમ સહિતની વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવી છે. નોંધનીય છે કે, પશુપાલકો માટે તેમનું પશુધન અમૂલ્ય હોય છે. તેમના પશુધનને લમ્પી સ્કીન રોગથી બચાવવા માટે જિલ્લા પંચાયતના પશુ પાલન વિભાગ અને પશુ ચિકિત્સકો દ્વારા સાતત્યપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે તેમ ડો.ખાનપરાએ ઉમેર્યું હતું.

**કંટ્રોલરૂમનં.**

| તાલુકો | પશુચિકીત્સા અધિકારી | મોબાઇલ નંબર |
|---|---|---|
| રાજકોટ | ડો. જે એચ ખોરજીયા | ૯૬૬૨૦૭૨૨૮૬ |
| કોટડા | ડો. હેતલ કારેથા | ૮૧૬૦૬૯૦૯૯૦ |
| લોધિકા | ડો. પંકજ ફુલેત્રા | ૯૮૨૫૦૪૦૩૮૬ |
| ગોંડલ | ડો. પ્રગનેશ માદરીયા | ૭૯૯૦૫૨૫૦૦૧ |
| જેતપુર | ડો. કે કે સાવલીયા | ૯૪૦૮૪૪૦૪૫૪ |
| જસદણ | ડો. હિમાંશુ કાવાણી | ૯૮૭૯૫૪૬૫૯૬ |
| વિંછીયા | ડો. ભાવીક પટેલ | ૯૬૩૮૩૨૮૮૮૪ |
| જામકંડોણા | ડો. અરૂણ રામાણી | ૭૦૧૬૩૬૧૯૮૭ |
| ધોરાજી | ડો. ભરત રાતીયા | ૯૮૭૯૪૧૩૫૩૫ |
| ઉપલેટા | ડો. અર્જુન કાસુન્દ્રા | ૯૭૨૬૬૩૧૪૩૯ |
| પડધરી | ડો. જે કે પટેલ | ૯૮૨૫૨૯૬૧૦૧ |
| જીલ્લા હેલ્પ લાઇન નં ડો અભાણી ને ૯૯૨૪૯૬૯૪૩૫ નો સંપર્ક કરવો. | | |

---

# અમરેલીના ખેડૂતે કરી કાકડીની સફળ ખેતી, ઓછા પાણીએ મળે છે મબલખ ઉત્પાદન

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૩



## ૧૦ વર્ષ ગ્રીન હાઉસની સફળ ખેતી કર્યા બાદ હવે નેટ હાઉસની ખેતીનો પણ સફળ પ્રયોગ

ખેડૂતોની આવક બમણી કરવાનાં હેતુ અને ખેડૂતો આધુનિક ખેતી અપનાવે તેવા આશયથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલી છે. પારંપારિક ખેતીથી આગળ વધી આધુનિક અને રક્ષિત ખેતી દ્વારા ખેડૂતો ઓછા પાણીના ઉપયોગ થકી વધુ ઉત્પાદન અને વધારે આવક મેળવી શકે છે. ખાસ કરીને બાગાયત વિભાગની વિવિધ યોજનાઓ અન્વયે ખેડૂતોને અનેક લાભોથી લાભાન્વિત કરવામાં આવે છે. રાજયના બાગાયત વિભાગની રક્ષિત ખેતીની ફ્લેગશીપ યોજનાનાં લાભ દ્વારા અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાનાં બરવાળા બાવીશી ગામનાં પ્રગતિશીલ ખેડૂતે જુદ કરી બતાવ્યું છે. પ્રગતિશીલ ખેડૂત. એવા રજનીભાઈ મધુભાઈ નાકરાણીએ પહેલા ગ્રીન હાઉસ અને હવે નેટ હાઉસની ખેતી દ્વારા કાકડીનું વાવેતર કરીને સોનેરી સફળતાનો સ્વાદ ચાખ્યો છે. રજનીભાઈએ હાલમાં એક એકર જમીનમાં નેટ હાઉસ પદ્ધતિ દ્વારા કાકડીનું વાવેતર કર્યુ છે. આ વાવેતરમાં તેમણે ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા ઓછા પાણીએ પ્રથમ વર્ષે જ આશરે ૩૦-૪૦ ટન ઉત્પાદન મળવાની શકયતાઓ હોવાનું જણાવ્યું છે.

---

# જન્માષ્ટમી મહોત્સવ સમિતિના કાર્યાલયનું ઉદ્‌ઘાટન

## અનેકવિધ સમિતિઓની જાહેરાત કરવામાં આવી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩

રાજકોટ ખાતે છેલ્લા ૩૫ વર્ષથી અલગ-અલગ થીમ અને પ્રેરક સૂત્રો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી શોભાયાત્રા ખૂબ રંગે-ચંગે ઉજવવામાં આવે છે. સળંગ ૩૬માં વર્ષે પણ ભવ્યાતિ-ભવ્ય રીતે જન્માષ્ટમી નિમિતે અનેકવિધ કાર્યક્રમો અને દર્શનીય શોભાયાત્રાનું આયોજન કરવાની તૈયારીના પ્રથમ ચરણ રૂપે ગત તા. ૨૧ ના રોજ કાર્યાલયનું રંગેચંગે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. તેમ જણાવ્યું છે.

---

મચ્છરજન્ય રોગચાળો નિયંત્રણ માટે આરોગ્યશાખાની સઘન ઝુંબેશ

# ૩૭ શાળાઓમાં મચ્છર ઉત્પત્તિ અટકાયતી પગલાં લેવાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩



આરોગ્ય શાખા - મેલેરિયા વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગચાળો અટકાવવા કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં રહેણાંક ઉપરાંત બાંધકામ સાઈટ, હોસ્પિટલ,હોસ્ટેલ, હોટેલ, કોમ્પ્લેક્ષ, સેલર, ધાર્મિક સ્થળ, ભંગાર નાડેલા, શાળાઓની મુલાકાત કરી મચ્છર ઉત્પત્તિ અટકાયતની કામગીરી કરવામાં આવે છે.

ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છર દિવસે કરડે છે, આથી શાળાના બાળકોમાં ડેન્ગ્યુ રોગચાળો ફેલાવતો અટકાવવા મહાનગરપાલિકા સંચાલિત તમામ શાળાઓમાં રોગચાળા અટકાયતી કામગીરી કરવા આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસે અલગ-અલગ વોર્ડમાં ૩૭ મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં પોરાનાશક, પુખ્ત મચ્છરનાશક, વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને મચ્છરજન્ય રોગચાળો અટકાવવા લેવાના થતા પગલાં વિશે આરોગ્ય શિક્ષણ સહિતની કામગીરી કરવામાં આવેલ.

---

## અવસાન નોંધ

રાજકોટ: રોશનીબેન અતુલકુમાર જોશી, તે અતુલભાઇના પત્ની, અભિષેક તથા હર્મેશના માતા અને જગદીશભાઇ તથા અજયભાઇ હરિલાલ જોશીના બેનનુ તા.૨૨ ને શુક્રવારે અવસાન થયું છે. જેમનું બેસણું તા.૨૫ ને સોમવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ રામેશ્વર હોલ, રામેશ્વર પાર્ક, રાધિકા પાર્ક પાસે, રૈયા રોડ નજીક રાખેલ છે. પિયર પક્ષનું બેસણું પણ સાથે રાખેલ છે.

---

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ક્રોસ વોટીંગ કર્યુ કોણે? કોંગ્રેસ માટે સર્જાતો કોયડો

દરમ્યાન ગુજરાત કોંગ્રેસના ૭ ધારાસભ્યો, બીટીપીના ૨ સભ્યો અને એનસીપીના ૧ ધારાસભ્યએ ક્રોસ વોટીંગ કર્યું હતું તેવો ધડાકો થયો છે. આ બ્રેક-અપ અને આંકડા કોંગ્રેસ માટે આઘાત સમાન રહ્યા છે. આટલા મોટાપાયે અસંતુષ્ટો કઈ રીતે જાગી ઉઠ્યા એ જાણવા પ્રદેશ કોંગ્રેસની નેતાગીરી મહેનત કરી રહી છે પણ બાગીઓને હજુ સુધી શોધી શકાયા નથી તેમ કોંગ્રેસના જાણકાર વર્તુળો જણાવે છે. ગઈકાલે ઝાલોદના ધારાસભ્ય ભાવેશ કટારા અને બીજા એક કોંગી ધારાસભ્ય સંજય સોલંકીના નામ બાગી તરીકે ચર્ચાતા હતા પરંતુ આ બંને સભ્યોએ ક્રોસ વોટીંગની અફવાને રદિયો આપી સાફસાફ કહ્યું હતું કે, અમે તો પક્ષના આદેશ મુજબ યશવંત સિન્હાને જ મત આપ્યો છે કોઈ ક્રોસ વોટીંગ કર્યું નથી. એટલે એ ૭ કોણ? એવો પ્રશ્ન હજુ કોંગ્રેસને સતાવી રહ્યો છે અને તેનો જવાબ પ્રદેશ નેતાગીરીને આજેપણ મળ્યો નથી. વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે પક્ષમાં કોઈ અસંતોષ ઘૂઘવી રહ્યો હોય તો અત્યારથી ડામી દેવો જરૂરી છે તેવું કોંગ્રેસના હિતેચ્છુ વર્ગનું માનવું છે. કેમકે આગ લાગી હોય તો જ ધુમાડો દેખાતો હોય છે. એ ધ્યાનમાં લઇ વિધાનસભા ચૂંટણીઓ પહેલા પક્ષમાં ડેમેજ કંટ્રોલ કરવા કોંગ્રેસનાં નેતાઓએ જોરશોરથી કવાયત શરૂ કરી દીધી છે. જો આ સભ્યોના નામ જાણવા મળે તો નેતાગીરી કડક કાર્યવાહી કરશે કે મનાવી લેશે એ વિશે રાજકીય નિરીક્ષકોમાં ચર્ચા ચાલી રહી છે.(૨.૧૨)

### આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ભવ્ય વિદાયમાન

નવનિર્વાચિત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની શપથવિધિ યોજાશે. અગાઉ ગઇકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શ્રી રામનાથ કોવિદના વિદાય માટે એક ખાસ રાત્રિ ભોજન પણ દિલ્હીની અશોકા હોટલમાં આયોજીત કરાયું હતું અને તેમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત ભાજપ શાસનના અનેક મુખ્યમંત્રીઓ પણ હાજર રહ્યા હતાં. તા. ૨૫ના નવનિર્વાચિત રાષ્ટ્રપતિ મુર્મુની શપથવિધિ સવારે ૧૦ વાગે રાષ્ટ્રપતિ ભવનના મધ્યસ્થ ખંડમાં યોજાશે. બાદમાં તેઓ વિધિવત રીતે રાષ્ટ્રપતિ ભવન ખાતે રહેવા જશે. વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિદને ૧૨-જનપથ ખાતે એક ખાસ બંગલો ફાળવવામાં આવ્યો છે અને તેઓ માટે સલામતી સહિતની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

### વડાપ્રધાનની દૌટમાં ઋષિ સૂનક પર લીઝ ટ્રસની સરસાઈ

સૂનક માટે ૩૮% સભ્યોએ પસંદગી દર્શાવી હતી. પક્ષના અંદાજે ૧.૭૦ લાખ સભ્યોનું મતદાન હવે શરૂ થશે જે તા.૪ ઓગષ્ટથી સપ્ટેમ્બરના પ્રારંભ સુધી ચાલશે અને સંભવત ૫ સપ્ટેમ્બરે નવા વડાપ્રધાનની પસંદગી થઈ જશે. આ વચ્ચે બ્રિટનની એક આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ ડેટા વિશ્લેષણ કંપની યુગોવ દ્વારા ૪૬ વર્ષીય લીઝ ૧૯% મતોની સરસાઈ ધરાવતી હોવાનું તારણ આવ્યુ છે.(૯)

### યુક્રેનને ઘઉં સહિત અનાજ નિકાસની છૂટ

ભારત સહિત વિશ્વના દેશોમાં ઘઉંના ભાવમાં મોટો વધારો થયો હતો અને ભારતે ઘઉં અને ઘઉંના લોટની નિકાસ પર પણ પ્રતિબંધ લાદી દીધો હતો. યુદ્ધના લગભગ પાંચ બાદ રશિયા અને યુક્રેન પ્રથમ વખત વ્યાપારી મુદાઓ પર વાટાઘાટ માટે આગળ વધ્યા છે અને હવે રશિયાના નિયંત્રીત બ્લેક-સી રૂટ પરથી યુક્રેન ઘઉંની નિકાસ કરી શકશે. રશિયન નૌકાદળે યુક્રેનને ભીડવવા બ્લેક-સી રૂટ પર નાકાબંધી કરી હતી. બન્ને દેશો વચ્ચે ગઈકાલે તુર્કીમાં કરાર થયા હતા અને યુક્રેન આવતા જતા તમામ જહાજોનું તુર્કી ચેકીંગ કરશે.(૯)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### ભગવતીપરાની સગીરા પર કુકર્મ આચરી બંગાળી ઢંગો ફરાર...?

તેઓએ ત્વરીત પગલા લઇ ભોગ બનનાર બાળાનાં પરિવારને પોલીસ સ્ટેશને બોલાવી ગુનાની ગંભીરતા સમજી પોક્સો (પોટેકન ઓફ એક્ટ) હેઠળ ગુનો નોંધવા આદેશ કર્યો હતો અને પરિવારને ભયમુક્ત થઇ સમગ્ર હકીકત જણાવવા આશ્વાસન આપ્યું હતું. સગીરાનાં પિતાએ જણાવ્યું કે, બી- ડીવીઝન પોલીસ મથકનાં બે કર્મચારીએ અમોને બાળાને લઈને ઘરભેગા થઇ જવા જણાવ્યું હતું. પાછળથી તહોમતદાર સાથે શું વાતચીત થઇ કે બીજું કઈ વ્યવહાર થયો એ અમોને જાણમાં નથી.હાલમાં આ સૂરજ નુર મહમદ પોલીસને યેનકેન પ્રકાર મેનેજ કરીને નાસી જવામાં સફળ થયો છે. આ સમગ્ર હકીકત પી.આઈના જાણ આવતા પોલીસ કર્મચારીએ અધિકારીને ઉંધા ચશ્માં ચડાવવાનું કોશિશ કરી બેય પાર્ટી વચ્ચે સમાધાન થઇ ગયું એટલે તહોમતદારને જવા દીધા શું પોસ્કો જેવી ગંભીર ફરિયાદમાં પોલીસ સ્ટેશનમાં સમાધાન થઇ શકે? નીચલા સ્ટાફે નીચતાની તમામ હદો પાર કરી હોવાનું જાણકારોનું મંતવ્ય છે. સગીરા તેમજ આરોપી પોલીસ સ્ટેશનને હાજર થયા ત્યારે બાળાનાં મેડીકલ ટેસ્ટ વગેરેની દરકાર પણ નીચેના સ્ટાફ કરી ન હોય પુરાવાનો નાશ તેમજ તહોમતદારને ભાગવામાં મદદ એમ બે પ્રકારનાં ગંભીર ગુનામાં નીચેન સ્ટાફને રોલ ભારે ચર્ચાસ્પદ રહ્યો છે.

### ગુજરાતમાં ૧લી ઓક્ટોબરથી મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

રોજ ૧૮ વર્ષ પુરા કર્યા હોય તેવા યુવાનોની વિગતો મેળવી યાદી તૈયાર કરવામાં આવશે. નવા અસ્તિત્વમાં આવેલા સોસાયટી-એપાર્ટમેન્ટ કે જેનો સમાવેશ મતદાર યાદીમાં ન થયો હોય તો તેની યાદી તૈયાર કરીને સુપરવાઇઝર સ્થળ પર જશે અને મુલાકાત કરીને ખરાઈ કરશે. ત્યારબાદ મતદાર નોંધણી અધિકારી દ્વારા મંજૂરી મળ્યેથી બીએલઓ દ્વારા આવી સોસાયટી-એપાર્ટમેન્ટનાં દરેક ઘરની મુલાકાત લઇ લાગુ પડતા કિસ્સામાં ફોર્મ નં.૬ અને ૮ મેળવવામાં આવશે.(૨.૧૨)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### મમતા બેનર્જીની સરકારના મંત્રી પાર્થ ચેટરજીની ધરપકડ

શિક્ષણમંત્રી તરીકે કાર્યરત હતા. શિક્ષક ભરતીની પ્રક્રિયા વખતે નાણાંકીય ગોલમાલ અને હેરફેર થયાના કેસમાં ઇડીની સઘન તપાસ ચાલી રહી છે. ગઈકાલે આ સંદર્ભે કોલકતામાં ઇડી દ્વારા અનેક સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. શિક્ષક કૌભાંડની સીબીઆઈ તપાસ પણ ચાલી રહી છે. જયારે ઇડી આ કેસમાં નાણાંકીય ગોલમાલના આરોપોની તપાસ કરે છે. પાર્થ ચેટરજી અત્યારે ઉધોગ અને વાણિજ્યમંત્રી છે.(૨.૧૨)

### બ્રિટન બાદ હવે ચીનમાં હિટવેવનો ખતરો

પહેલાથી ૪ ઉચ્ચતર સ્તરની ચેતવણી જાહેર કરવામાં આવી રહી છે. ચીનના આ ક્ષેત્રોમાં હિમ નદી પીગળવાની ગતિ વધવાના ખતરાની ચેતવણી અપાઈ છે. શનિવારને ચીનના ચંદ્ર કેલેન્ડરમાં નમોટી ગર્મીથ માનવામાં આવે છે. આ શંકા છે કે આ દિવસે ચીનના અનેક શહેરોમાં તાપમાનમાં ઘણો ઉછાળો નોંધાઈ શકે છે. ફૂ જિયાઓલને જણાવ્યું હતું કે દેશના અનેક ક્ષેત્રોમાં આગામી ત્રણ દિવસમાં હીટવેવ સાથે તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સીયસ કે એથી વધુ થઈ શકે છે.

## નવું સત્ર ચાલુ થયાને દોઢ મહિનો વિતી જતા વાલીઓમાં ચિંતાનું મોજું

# રાજકોટ મનપાની ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં હજુ શિક્ષણકાર્ય ઠપ્પ!

### સાધુ વાસવાણી રોડ સ્થિત રવિન્દ્રનાથ ટાગોર શાળામાં ચાલુ વર્ષે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને હજુ સુધી અભ્યાસ માટે નહીં બોલાવાયાનો વાલીઓનો આક્ષેપ







### 'શાળાએ પુછવા માટે જઈએ તો બાળકોને ભણાવવા માટે કલાસરૂમ જ નથી, એવો જવાબ આપવામાં આવે છે': વાલીઓ

### શાળાની બિલ્ડીંગની આસપાસ અતિશય ગંદકી અને કચરાના ઢગલા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

'અમારા બાળકોએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સરકારી અંગ્રેજી માધ્યમની શાળા શ્રી રવિન્દ્રનાથ ટાગોર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, સાધુવાસવાણી રોડ, રાજકોટ ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ પ્રવેશ મેળવ્યો છે, છતાં પણ હજુ સુધી બાળકોનો અભ્યાસ શરૂ થયો નથી. રાજ્યમાં તથા શહેરમાં તમામ જગ્યાએ પ્રથમ સત્રમાં બાળકોનું શિક્ષણ કાર્ય ચાલુ છે. પણ અમારા બાળકોનું શિક્ષણ કાર્ય હજુ પણ શરૂ થયેલ નથી. બાળકોને શાળાએ બોલાવવામાં આવતા નથી.' તેવો આક્રોશ અને ચિંતા સાથે વાલીઓએ મનપાના શાસનાધિકારને રજૂઆત કર્યાનું જાણવા મળે છે.

વાલીઓએ આક્ષેપ કર્યો છે કે, તમામ શાળાઓના વેકેશન તા.૧૩/૦૬/૨૦૨૨ સોમવારથી ખુલી ગયેલ છે, જ્યારે અમારા બાળકોની શાળામાં શિક્ષણ કાર્ય હજુ સુધી શરૂ થયેલ નથી. જેથી વાલીઓ દ્વારા શાળાની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. ત્યાં હાજર સ્ટાફ દ્વારા બાળકોને બેસવાની કોઈ વ્યવસ્થા જ ન હોવાનું કહેવાયું હતું. તંત્ર દ્વારા સોંપાયેલ બિલ્ડીંગની હાલત પણ ખરાબ છે, ક્યાંક પાંખો ગાયબ છે તો કેટલાક કલાસરૂમના બારી બારણાં બંધ જ નથી થતા તેમાં પણ બાળકોને બેસાડી શકાય તેમ નથી તેવું શાળાના સ્ટાફનું કહેવું છે. ત્યાં પાણીની બિલકુલ સુવિધા જ નથી. ઉપરાંત શાળા બિલ્ડિંગની આસપાસ અતિશય ગંદકી અને કચરોના ઢગલા છે. આવા અનેક નાના મોટા પ્રશ્નો છે જેનો તાત્કાલિક ધોરણે ઉકેલ આવે તે જરૂરી છે.

વધુમાં વાલીઓએ કહ્યું છે કે, છેલ્લા ૨ મહિનાથી વાલીઓ દ્વારા શાળા ક્યારે ખુલશે એ બાબતે અવારનવાર શાળાની મુલાકાત લેવામાં આવી છે. શાળાએથી એવું કહેવામાં આવે છે કે અમારી પાસે બાળકોને ભણાવવા માટે કલાસરૂમ જ નથી. જ્યારે વ્યવસ્થા થશે ત્યારે બાળકોને ભણવા માટે બોલાવીશું. આ બાબતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ઓફીસે પણ વાલીઓ દ્વારા લેખિત અરજી તેમજ અવારનવાર રૂબરૂ જઈ રજુઆત કરવામાં આવી હોવા છતાં ત્યાંથી પણ શાળા ક્યારે ખુલશે તેની સ્પષ્ટતા કરવામાં આવતી નથી.

ગંભીર આક્ષેપ કરતા વાલીઓએ ઉમેર્યું છે કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અતુલ પંડિત દ્વારા વાલીઓને સ્કૂલ શરૂ કરવાના પોકળ વાયદા કરવામાં આવ્યા છે. અધુરામાં પૂરું, તેમણે આ તો સરકારી કામ છે એટલે વાર લાગે, સરકારી શાળાઓમાં તો આવું જ હોય તેવા ઉડાઉ જવાબ પણ આપ્યા છે. ઉપરાંત ડોનેશન આપે તેવું કોઈ દાતા શોધી આપવા પણ વાલીઓને કહેવાયું છે. કોઈ નક્કર પગલા ન લેવાયા હોવાથી બાળકોનું શિક્ષણ કર્યા બગડ્યું છે.

રાજ્યમાં બધી શાળાઓ શરૂ થઈ ચૂકી છે, ત્યારે SNK દ્વારા દત્તક લેવાયેલી અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સરકારી અંગ્રેજી માધ્યમની શાળા શ્રી રવીન્દ્રનાથ ટાગોર વિદ્યાલયમાં જુનિયર કેજીમાં પ્રવેશ મેળવનાર બાળકોનો શું વાંક તેવો પ્રશ્ન વાલીઓ પૂછી રહ્યા છે. જેથી બાળકોના હિતમાં વહેલી તકે અધ્યયન કાર્ય શરૂ કરાવવાની માંગણી સાથે વાલીઓએ રજૂઆત નકલ શિક્ષણ મંત્રી અને શિક્ષણ સચિવને પણ મોકલ્યાનું જાણવા મળે છે.

---

### અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભા યુવા મોરબી દ્વારા આયોજન

# મોરબીમાં 30 મી એ ભાવમય ઈશરવંદના મહોત્સવ

### ચારણ મહાત્મા પૂ.ઈશરદાસજી બારહટની ૫૬૪ મી જન્મજયંતી નિમિતે હરિરસ અને દેવિયાણ પાઠ યોજાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

અખિલ ભારતીય ચારણ ગઢવી મહાત્મા, યુવા મોરબી દ્વારા આગામી તા.30 ને શનિવારે ચારણ મહાત્મા ભકતવર 'ઈશરા સો પરમેશ્વરા' પૂજ્ય ઈશરદાસજી બારહટની ૫૬૪ મી જન્મજયંતી નિમિતે 'ઈશરવંદના-૨૦૨૨'નું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવમય ઈશરવંદના મહોત્સવમાં તા.30 મી એ સાંજે ૫:30 કલાકે મોરબીમાં વાવડી રોડ પર ગાયત્રીનગર-૭ સ્થિત ડો. કિશોરદાન ગઢવીને ત્યાં હરિરસ અને દેવિયાણ પાઠ યોજાશે. બાદમાં ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ દવાવડી ચોકડી પાસે આવેલા ક્રિષ્ના હોલ ખાતે રાત્રે ૯:30 વાગ્યે ઈશર વંદના કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ઈશર વંદનામાં વિદ્યારત્નો પ્રખર વિવેચક યશવંતભાઇ લાંબા, નવોન્મેષ ચારણી સર્જક વિજયભા બાટી, શિવ સ્તૃતિ ફેમ ભજનિક કવિ પ્રદિપદાન ગઢવી, હાસ્ય સાહિત્યકાર હકાભા ગઢવી, સાહિત્યકાર ભાવેશ રામ વગેરે ચારણ મહાત્મા પૂજ્ય ઈશરદાસજી બારહટની ભાવવંદના રજૂ કરશે.

આ ઈશર વંદના મહોત્સવમાં ચારણ-ગઢવી સમાજને પધારવા અધ્યક્ષ કિશોરદાન ગઢવી, દિનેશભા ગુઢડા, મહાત્મા અધ્યક્ષ નાનબાઇ મારૂ, તાલુકા અધ્યક્ષ નયનાબા બારહટ, પ્રવકતા ભુમિબેન નાંદણ વગેરેએ ભાવભીનું નિમંત્રણ પાઠવ્યું છે.

---

# વિદ્યાર્થીઓની વિધાનસભાનો નવતર પ્રયોગ પ્રેરણારૂપ

### ડેમોક્રેટીક એકશન ગ્રુપ-રાજકોટના ચેરમેન યશવંત જનાણીએ સરકારના કાર્યક્રમને બીરદાવ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડો.નિમાબેન આચાર્ય દ્વારા શાળા-કોલેજોના ૧૮૨ વિદ્યાર્થીઓને ગાંધીનગર બોલાવી તેઓને એક દિવસના ધારાસભ્ય, મુખ્યમંત્રી, વિરોધપક્ષના નેતા અને વિધાનસભા અધ્યક્ષ બનાવી સાથોસાથ મંત્રીમંડળનું અને વહિવટી સ્ટાફનું માળખું તૈયાર કરી જવાબદારી સોંપી વૈધાનિક કાર્યોમાં રસ લેતા કર્યા છે તે બદલ સરકારને અભિનંદનપાઠવતા ડેમોક્રેટીક એકશન ગ્રુપના ચેરમેન યશવંતભાઇ જનાણીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમથી નવી પેઢીમાં લોકશાહી શાસન વ્યવસ્થા પ્રત્યે વિશ્વાસ વધશે અને તેના કારણે લોકશાહી વધુ મજબુત બનશે. વધુમાં જણાવ્યું કે, સને ૨૦૧૧માં સ્વર્ણિમ ગુજરાતની અને સ્થાપના દિવસની ઉજવણી માટે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ વિધાનસભાનું ખાસ સત્ર બોલાવી અને પૂર્વ મુખ્યમંત્રીઓ તથા વરિષ્ઠ ધારાસભ્યોને વિધાનસભાના ફ્લોર ઉપર બોલાવી જે રીતે તેમનું સન્માન કર્યું હતું અને ગરવી ગુજરાતની પ્રતિભાને ચાર ચાંદ લગાવ્યા હતા. તેવું જ કાર્ય ફરી થયું છે. આ પ્રકારનો એટલે કે યુવા સંસદનો પ્રયોગ રાજકોટના આંગણે સૌરાષ્ટ્રભરના કોલેજોના વિદ્યાર્થીઓને બોલાવી સને ૨૦૦૫ થી ગુજરાત સ્ટેટ યુથ કાઉન્સિલ અને યુથ ફોર ડેમોક્રેસીનાં ઉપક્રમે કરતા આવ્યા છે. જેમાં સૌરાષ્ટ્રમાં નવું નેતૃત્વ ઉભું કરવા થોડાક અંશે સફળ થયા છીએ. તેમ અંતમાં યશવંત જનાણીએ જણાવ્યું છે.

---

# ગ્રેટર ચેમ્બરના હોદ્દેદારો કલેકટર-કમિશનરની મુલાકાતે





### ટ્રાફિકના પ્રશ્ન અને કાયદો-વ્યવસ્થા સુદૃઢ બનાવવા સહિતના મુદ્દે કરાઈ ચર્ચા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્સ્ટ્રીઝએ રાજકોટના વેપાર અને ઉદ્યોગના વિકાસ માટે અને તેના પ્રાણ પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે હંમેશા સરકારી અધિકારો સાથે ચર્ચાઓ,વાર્તાલાપ અને સેમિનારનું આયોજન કરતું હોઈ છે. સરકારી અધિકારીઓ અને જવાબદાર વિભાગો સાથે તાલમેલ કરતું હોય છે. તેના ભાગરૂપે આજરોજ રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુની શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ મુલાકાતમાં રાજકોટ માટે જરૂરી પ્રશ્નોની ચર્ચાઓ પણ કરી હતી અને આ તકે કલેકટરો ખાતરી આપી હતી કે ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ગમે ત્યારે જરૂરી કોઈપણ પ્રશ્ન માટે મળી શકે છે. આ મુલાકાત સમયે હાલમાં સર્વાનુમતે વરણી પામેલ હોદેદારો પ્રમુખ રાજીવભાઈ દોશી, મંત્રી ઉપેનભાઈ મોદી, ચેરમેન ધનસુખભાઇ વોરા, વાઇસ ચેરમેન કાંતિભાઈ જાવિયા, ઉપપ્રમુખઓ કિરીટભાઇ આદ્રોજા, ઈશ્વરભાઈ બાંભોલિયા, રમેશભાઈ ઝાલાવાડીયા, સહમંત્રી જગદીશભાઈ સોની, સુનીલભાઈ ચોલેરા તથા ખજાનચી અજીતસિંહ જાડેજા અને સહ ખજાનચી અશોકભાઈ સુરેલિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત નવ નિયુકત હોદેદારોએ રાજકોટના નવ નિયુક્ત પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની મુલાકાત કરી હતી. શહેરના વધતા ટ્રાફિકના પ્રશ્નો અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બનાવવા ચર્ચા કરી હતી. ટૂંક સમયમાં પોલીસ વિભાગ સાથે એક વ્યવસ્થિત મિટિંગનું પણ આયોજન કરશે.

---

# જામનગર-વડોદરા ઈન્ટરસિટી ટ્રેન દર શનિ-રવિના રદ્

### ૨૮મી ઓગસ્ટ સુધી સોમનાથ-અમદાવાદ એક્સપ્રેસ પણ દર શનિવાર-રવિવારે દોડશે નહીં

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો ટેકનિકલ કારણોસર ૨૩મી જુલાઈથી ૨૮મી ઓગસ્ટ, સુધી દર શનિવાર અને રવિવારે રદ રહેશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન દર શનિવાર અને રવિવારે રદ કરાયેલી ટ્રેનોમાં (૧) ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ, (૨) ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ, (૩) ટ્રેન નંબર ૧૯૧૧૯ અમદાવાદ-સોમનાથ એક્સપ્રેસ, (૪) ટ્રેન નંબર ૧૯૧૨૦ સોમનાથ-અમદાવાદ એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

---

# મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ખેરવા ગામે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩



મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ખેરવા ગામે ક્ષત્રિય ગિરાસદાર સમાજ ખેરવા (હાલ રાજકોટ) દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. ખેરવા ગામના વતની દોલુભા વાઘુભા ઝાલા (હાલ રાજકોટ)ના પરિવાર અને ખેરવા ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ખેરવા બસ સ્ટેશનથી ખેરવા નદી સુધીમાં ઉંબરા, બોરસલી, રાણ, બંગાલી બાવળ, કણજી (કરંજ), પંજરવો, લીમડા, વડલા સહિતના મોટા વૃક્ષો રોપવામાં આવેલ હતા.

વૃક્ષારોપણના કાર્યક્રમને સફળ બનાવવા ખેરવા ગામના તમામ સમાજના આગેવાનો અને ખેરવા ગ્રામજનો હોંશ ભેર જોડાયા હતા જેમાં મહેન્દ્રસિંહ ઝાલા, કિશોરસિંહ ઝાલા, વિક્રમસિંહ ઝાલા, ગજેન્દ્રસિંહ ઝાલા, સુખાભાઈ પાટડીયા, નારૂભા ઝાલા, બાપાલાલસિંહ ઝાલા, પૃથ્વીરાજસિંહ ઝાલા, શિવભદ્રસિંહ ઝાલા, અનિરૂદ્ધસિંહ (મોન્ટુ) ઝાલા, શક્તિસિંહ ઝાલા, બ્રિજરાજસિંહ ઝાલા, યશરાજસિંહ ઝાલા, ગેલુભા ઝાલા, યુવરાજસિંહ ઝાલા, ભરતભાઈ રાવલ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, શક્તિસિંહ જાડેજા, ભવ્યરાજ સિંહ ઝાલા, બળુભા ઝાલા સહિતના સામાજિક રાજકીય આગેવાનો જોડાયા હતા.

---

# શ્રી સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ મંડળ દ્વારા પયુર્ષણ પર્વમાં પ્રતિક્રમણ કરાવવા અંગે સભ્ય નોંધણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

સ્વ.મુળવંતભાઈ દોમડીયાના આશીર્વાદથી છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત શ્રી સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળ જે પયુર્ષણ મહાપર્વમાં રાજકોટ શહેરમાં આશરે ૧૦૦ જેટલા ધર્મ સ્થાનોમાં પ્રતિક્રમણ કરાવવા માટે સભ્યોને મોકલે છે. આગામી પયુર્ષણ પર્વમાં આ વ્યાપ વધારવા જે લોકોને અડધુ અથવા આખુ પ્રતિક્રમણ આવડતું હોય અને પયુષણ પર્વમાં બોલાવવા જવાનો લાભ લેવો હોય એ લોકોએ પોતાની સંપૂર્ણ વિગત વિજયભાઈ વોરા-૯૯૦૪૦ ૮૬૦૪૦, રમેશભાઈ દોમડીયા-૯૯૨૪૨ ૭૦૬૨૯, મયુરભાઈ મહેતા-૯૯૨૬૯ ૦૫૫૭૭, ભરતભાઈ કોઠારી-૯૮૨૪૬ ૧૮૫૪૪ ઉપર વોટ્સઅપ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવા નમ્ર અનુરોધ કરવામાં આવેલ છે.

---

# રામપરા-૨ ગામે સિંહની પજવણી કરનારા ૩ શખ્સોને દબોચી લેવાયા



### શખ્સો પાસેથી વાંધાજનક સિંહની પજવણીના વીડિયો મળ્યા

**(મિલાપ રૂપારેલ દ્વારા)**
અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં છાસવારે વન્ય પ્રાણીઓની પજવણી કરવાના બનાવો બનતા હોય છે.

ત્યારે વન વિભાગ આવા તત્વો સામે ધોરણસર કાર્યવાહી કરતા હોવા છતાં પણ કેટલાંક લોકો સુધરતા ન હોય. રાજુલા પંથકમાંથી સિંહની પજવણી કરનાર ૩ શખ્સોને ઝડપી લેવાયા છે.

આ બનાવમાં ગઈકાલે રાજુલા નજીક આવેલ રામપરા-૨ ગામ પાસે સિંહે મારણ કરેલ હોય અને તેને આરોગતા હોય. ત્યારે પજવણીખોર શખ્સો દ્વારા સિંહની પજવણી કરી અને તે વીડિયો બનાવી વાયરલ કરેલ હતો.આ બનાવની જાણ વન વિભાગના અધિકારીને થતાં રામપરા-૨ ગામે રહેતા દુલાભાઈ સાર્દુળભાઈ વાઘ સહિત ૩ ઈસમોને ઝડપી લીધા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી સિંહની પજવણી કરતા વધુ વીડિયો પણ મળી આવ્યા હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

## રાજકોટમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયુકત સચિવ ઈન્દ્રનીલ રાજયગુરૂએ જનસંવાદ કર્યો

# દિલ્હી અને પંજાબમાં મફત વીજળી મળી શકે તો ગુજરાતમાં કેમ નહીં?



'આપ' ની સરકાર આવે તો ૨૪ કલાક ૩૦૦ યુનિટ વીજળી મફત, ૩૧ ડિસેમ્બર પહેલાના વીજબિલ માફ કરવાનું વચન પાળવાની બાહેંધરી

## ગુજરાત રાજય પર ૩.૫૦ લાખ કરોડનું દેવું છેઃ ઈન્દ્રનીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩

ગુજરાત આમ આદમી પાર્ટી દ્વારા રાજકોટના ટાગોર રોડ પર હેમુ ગઢવી હોલ ખાતે 'જનસંવાદ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી ઇન્દ્રનીલ રાજગુરૂ મુખ્ય અથિતી રૂપે ઉપસ્થિત રહ્યા હતા. જેમ દરેક જનસભામાં દરેક જિલ્લામાંથી આમ આદમી પાર્ટીને આમ જનતાનો સહયોગ મળે છે એમ આ વખતે પણ રાજકોટમાં યુવાનો, વૃદ્ધો, વડીલો અને મહિલાઓ મોટી સંખ્યામાં આ જનસંવાદ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આમ આદમી પાર્ટીના નેશનલ જોઈંટ સેક્રેટરી ઇન્દ્રનીલ રાજગુરૂ એ જનસંવાદ કાર્યક્રમને સંબોધતા કહ્યું કે, ગુજરાતના લોકો પ્રતિ યુનિટ ૭ થી ૮ રૂપિયા ચૂકવી રહ્યા છે . આખા દેશમાં ક્યાંય વીજળી એટલી મોંઘી નથી. જ્યારે દિલ્હીમાં ૭૩ % લોકોનું વીજળીનું બિલ આજે શૂન્ય આવે છે.

પરંતુ હવે ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વીજળી મુદ્દા પર ગેરંટી કાર્ડ આપી દીધું છે કે, દિલ્હી અને પંજાબની જેમ ગુજરાતમાં પણ દર મહિને ઘર દીઠ ૩૦૦ યુનિટ વીજળી મફત આપવામાં આવશે. ગુજરાતના તમામ ગામડાઓ અને શહેરમાં પાવર કટ વગર ૨૪ કલાક વીજળી આપવામાં આવશે. ૩૧ ડિસેમ્બર સુધીના બધા જુના ઘરેલુ વીજળી બિલ માફ કરવામાં આવશે.

ઇન્દ્રનીલ રાજગુરૂ એ કહ્યું કે, મફત વીજળી આપવા છતાં દિલ્હી પર કોઈ દેવું વધ્યું નથી. બીજી તરફ આજે ગુજરાત રાજ્ય પર ૩.૫૦ લાખ કરોડનું દેવું છે. દર વર્ષે આ લોનમાં ૩૦ થી ૩૫ હજાર કરોડનો વધારો થાય છે.

દિલ્હીની જનતાએ ભાજપ કોંગ્રેસને વારંવાર વોટ આપ્યા હતા. પરંતુ શાળાઓ અને હોસ્પિટલોની હાલત સુધરી ન હતી. ત્યારબાદ જનતાએ એક વખત આમ આદમી પાર્ટી પર વિશ્વાસ કર્યો અને માત્ર ૫ વર્ષમાં દિલ્હીની સરકારી શાળાઓ અને સરકારી હોસ્પિટલો દેશમાં સર્વશ્રેષ્ઠ બનાવી દીધી. ગુજરાતની જનતાએ પણ આવું જ કરવાનું છે.

ગુજરાતની જનતાએ નક્કી કરવાનું છે કે તેમને કેવા પ્રકારની સરકાર જોઈએ છે. સખત-પ્રમાણિક સરકાર જોઈએ છે કે ભ્રષ્ટ સરકાર જોઈએ છે. ગુજરાતમાં આ વખતે સરકાર શિક્ષિત લોકોની બને કે અભણ લોકોની. દિલ્હીની જનતાએ શિક્ષિત લોકોની સરકાર પસંદ કરી, જેના કારણે આજે દેશની શ્રેષ્ઠ વ્યવસ્થા દિલ્હીમાં છે. કારણ કે ત્યાં સાફ નિયત વાળી પ્રામાણિક આમ આદમી પાર્ટીની સરકાર છે. તેમ અંતમાં જણાવ્યું હતું.

આ જનસંવાદ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખીલ, પ્રદેશ મંત્રી રાજભા ઝાલા, રાજકોટ લોકસભા પ્રમુખ રાહુલભાઈ ભૂવા 'આપ' નેતા વશરામભાઇ સાગઠીયા અને કોમલબેન ભારાઈ, શિવલાલ બારશિયા, ચેતનભાઈ કામાણી, જનકભાઈ ડાંગર સાથે અન્ય 'આપ' નેતા અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### લોધિકાના દેવગામમાં ૧૧ વર્ષથી ચાલતો સેવાયજ્ઞ
## ૨૫ મનોવિકલાંગોની નિઃસ્વાર્થ સેવા-ચાકરી







**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩

ભારતીય સંસ્કૃતિમાં સેવા એજ પરમો ધર્મ અને દરિદ્ર નારાયણની સેવા એજ પ્રભુ સેવા ગણાવાઇ છે. રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના દેવગામ ખાતે આવું જ એક દરિદ્રનારાયણનું મંદિર આવેલ છે. જયાં ૨૫ જેટલા માનસિક અસ્થિર એવા લોકાની સેવામાં થઇ રહી છે.

લોધિકા તાલુકાના ખીરસરાથી નજીક એવા દેવગામ સ્થિત શ્રી સત સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ઉર્ફે ગાંડાની મોજ નામના આશ્રમમાં સ્વભાવે સરળ અને માત્ર ગાંડાઓની સેવાની મસ્તીમાં મસ્ત રહેતા મૂળ જસદણના વિષ્ણુભાઈ

### રાજકોટના સમાજસેવી વિષ્ણુભાઈ ભરાડનો 'ગાંડાની મોજ' આશ્રમ બન્યો છે પ્રેરણારૂપ

ભરાડ ૧૧ વર્ષથી અવરીત માનસિક અસ્થિર લોકોની સેવાનો યજ્ઞ ચલાવી રહ્યા છે. અહીં દ્વારકા, ઓખા, લીંબડી સહિત સૌરાષ્ટ્રના વિવિધ સ્થળોએથી આવેલા ૧૬ જેટલા માનસિક અસ્થિર લોકોને નવડાવવા, વાળ-દાઢી કાપી સ્વચ્છ બનાવવા સાથે સારૂ અને સ્વાસ્થયપ્રદ ભોજન આપવામાં આવે છે. જો કોઇને શારીરિક બિમારી જણાય તો હોસ્પિટલમાં દાખલ કરાવી સારવાર પણ આપવામાં આવે છે.

પ્રારંભે એકલવીર એવા વિષ્ણુભાઇ સાથે સમયાંતરે કાંતીભાઇ ભુત, રમેશભાઇ ફુલવાળા, વિભાભાઇ ફ્રુટવાળા જેવા ઘણા સેવાભાવી લોકો જોડાતા ગયા આમ એક ટીમ બની. આ અંગે વિષ્ણુભાઇ સૌપ્રથમ એકટીવા લઈને અને ત્યારબાદ રીક્ષા લઈને વિવિધ સ્થળે પાણી પીવડાવવા, જમવાનું આપવું, નવડાવી સ્વચ્છ કપડા પહેરાવવા વગેરે જેવા કાર્યો કરતા હતા. તે માટે અનેક સ્થળોએ જવું પડતુ હતું આથી તેઓએ એક જ સ્થળો આવા લોકોને એકઠા કરી તેઓની સેવા સુશ્રૃષા થઇ શકે તે માટે આશ્રમ બનાવવાનો સંકલ્પ કર્યો હતો. દેવગામ સ્થિત ગોવર્ધન ગૌશાળા ટ્રસ્ટ દ્વારા જમીન ફાળવી અપાતા તે સાકાર થયું છે.

અહીં ડાયનીંગ હોલ, રસોડું, કોઠાર, લાઇટ પંખા સાથે એટચ બાથરૂમ સહિતની સુવિધાઓથી સભર આશ્રમ તૈયાર થઇ રહ્યો છે. આ તમામ સુવિધાઓ ઉભી કરવામાં અને રોજીંદા નિભાવ ખર્ચમાં કૌશલ્યાબેન પટેલ, ઘનશ્યામભાઈ ઠક્કર (ગાયત્રી ઉપાસક), જલારામ ચીકીનાં પ્રકાશભાઇ જેવા કેટલાક સેવાભાવી શ્રેષ્ઠીઓનો તેઓને સહયોગ સાંપડયો છે. હાલમાં જ ટ્રસ્ટ્રીઓ દ્વારા આશ્રમ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરી અનેક વૃક્ષોનું રોપણ કરી તેના જતન અને સંવર્ધન માટે સૌ સંકલ્પબધ્ધ બન્યા હતા.

## રેવન્યુ સહિતના પ્રશ્નોનું નિરાકરણ લાવવા રજૂઆત કરાઈ

### પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલને રજૂઆત કરતા અર્જુન પટેલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩

શુક્રવારે વન-ડે, વન-ડિસ્ટ્રીકટ કાર્યક્રમના અનુસંધાને રાજકોટ પધારેલ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલએ વકીલ, ડોક્ટર, એન્જીનીયર તેમજ વિવિધ વર્ગના બુદ્ધિજીવીઓની મુલાકાત લઈ સંવાદ કરેલ, જે સંવાદમાં રાજકોટનાં વકીલોના પ્રશ્નો રજુ કરતાં રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ અર્જુનભાઇ પટેલે વ્યક્તિગત રીતે પાટીલ મળી રજૂઆત કરેલ કે, રેવન્યુ અધિકારીઓ દ્વારા વકીલોને દસ્તાવેજો રજીસ્ટર કરાવવામાં મુશ્કેલીઓ પડે તેવા પરિપત્રો બહાર પાડવામાં આવે છે. જે સંબંધે તાત્કાલિક ઘટતું કરવા રજૂઆત કરેલ તેમજ ઇન્ટરનેટ કનેક્ટિવિટીના કારણે દસ્તાવેજો નોંધાતા નથી અને પરિણામે ન નોંધાયેલા દસ્તાવેજો ફરીથી નોંધવા સંબંધે ખૂબ જ મુશ્કેલીઓ પડે છે. તે અંગે રાજકોટ બારના પ્રમુખ તરીકે બે વખત રૂબરૂ રજૂઆત કલેકટરને કરેલ છે. છતાં પણ તે મુશ્કેલીનું નિરાકરણ થઈ શકેલ નથી. જેથી આ બાબતે પણ ઘટતું કરવા રજૂઆત કરેલ.

સી.આર. પાટીલે વકીલોને પડતી તમામ મુશ્કેલી અને સમસ્યાઓ સંબંધે પ્રદેશ અધ્યક્ષ ભરતભાઈ બોઘરાને સાથે રાખી રૂબરૂ ગાંધીનગર મળી જવા માટે પણ જણાવેલ છે. ત્યારે રાજકોટ બારના પ્રમુખ અર્જુનભાઈ પટેલે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ તેમજ ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ડોકટર ભરતભાઈ બોઘરાનો આભાર વ્યક્ત કરેલ છે.

રાજકોટ બારના પ્રમુખ અર્જુનભાઈ પટેલે આશા વ્યક્ત કરતા જણાવેલ છે કે, હાલ રેવન્યુની પ્રેક્ટિસ કરતા વકીલોને જે મુશ્કેલીઓ પડે છે તે મુશ્કેલીઓનો ટૂંક સમયમાં જ અંત આવશે તેમજ રાજકોટ અને સૌરાષ્ટ્ર ભરના વકીલોના પ્રશ્ન તેઓ સતત જાગૃત રહી વકીલ હિતની ચિંતા કરી સરકારમાં સબળ અને સચોટ રજૂઆત કરશે. અર્જુન પટેલે વધુમાં જણાવેલ કે, પાટીલ સાથેની વન ટુ વન ચર્ચા દરમ્યાન વકીલોની મુશ્કેલી અંગેના જે નિરાકરણો માટેના સૂચનો હોય તે પણ જણાવવા જણાવેલ છે. જેથી આગામી દિવસોમાં રેવન્યુસાઈડ પ્રેક્ટિશનર એડવોકેટ મિત્રોની સાથે ચર્ચા વિચારણા કરી વકીલોના પ્રશ્નો અને તેના નિરાકરણ માટેના સૂચનો માટે તમામ વકીલોને બોલાવી મિટિંગ કરશે જેથી પ્રશ્નોના નિરાકરણ માટેનો સ્પષ્ટ વિકલ્પ સરકારને સૂચવે શકાય પ્રમુખ અર્જુન પટેલના આ સરકાર સાથેના સંવાદના પ્રયાસને આવકારેલ છે ટૂંક સમય માંજ રાજકોટ બારના પ્રમુખ અર્જુન પટેલ અને તાજેતરમાં જ ભાજપ પ્રદેશ લીગલ સેલના સહ કન્વીનર અનિલભાઈ દેસાઈ વકીલોના પ્રશ્નો સબંધે ટૂંક સમય માંજ મહેસુલ અને કાયદા મંત્રીને મળવાના છે. તેમ જણાવ્યું છે.

## ગ્રામ્ય વિસ્તારમાં ચોરી, લૂંટ, હત્યા જેવા બનાવો અટકાવવા સીસીટીવી કેમેરા લગાવો

### ધારી–બગસરાના પૂર્વ ધારાસભ્યએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૩

ધારી-બગસરાનાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્ય વિસ્તારમાં લૂંટ, ખૂન ખરાબા, ધાડ કે અસામાજીક પ્રવૃત્તિઓ વધી રહી છે તેને અંકુશમાં લેવા માટે પોલીસ સતત કાર્યશીલ છે. પરંતુ જો દરેક ગામની અંદર ગ્રામ પંચાયત, સેવાસંગઠનો કે પ્રાથમિક શાળા દ્વારા ગામની અંદર સીસીટીવી કેમેરા મુકવામાં આવે તો ગુના શોધવા માટે પોલીસને સાનુકુળતા રહે અને અસામાજિક પ્રવૃત્તિઓ પર ચોકકસ અંકુશમાં આવી શકે. આથી આ વ્યવસ્થા ઉભી કરવા રાજયસ્થ રહેતી નાણાકીય ભંડોળ સાથે સીસીટીવી કેમેરાનું મોનિટરીંગ સ્ટેટ લેવલેથી થાય એ બાબતે સરકારે ગંભીરતાપૂર્વક વિચારવાની તાતી જરૂર છે.

### લોભામણી જાહેરાતો આપી ફલેટ વેચનાર બિલ્ડરો સામે સીમાચીન ચુકાદો
## બે કરોડ ચુકવતા છતાં ફલેટોમાં એમેનીટીઝ ન પુરી પાડનાર બિલ્ડર્સ સામે લાલ આંખ

### 'ઈન્ફીનીટી હાઉસ' ના બિલ્ડર્સને બે માસમાં તમામ એમેનીટીઝ પુરી પાડવા ગ્રાહક સુરક્ષા ફોરમનો હુકમ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩

બે કરોડના ફલેટમાં બિલ્ડર્સ દ્વારા જાહેરાત પ્રમાણેની એમેનીટીઝ ન આપીને છેતરપિંડી કરનાર બિલ્ડરને તમામ એમેનીટીઝ બે માસમાં પુરી પાડવા તથા શારીરિક, માનસિક, ત્રાસ પેટે રૂા.૨૦,૦૦૦ તથા ફરિયાદ ખર્ચના રૂા.૫,૦૦૦ ચુકવવા આદેશ કરતી ગ્રાહક સુરક્ષા ફોરમ આ આ કેસની હકકીકત મુજબ રાજકોટના પોસ વિસ્તારમાં આવેલ કાલાવડ રોડ કેકેવી હોલ ચોક પાસે આવેલ લકઝરીયશ ફલેટ ઈન્ફીનીટી હાઉસના બિલ્ડર્સ લોભામણી જાહેરાતો આપી ફલેટ વેચ્યા બાદમાં પઝેશન સોંપતી વખતે ફલેટ ધારકને ખ્યાલ આવ્યો કે, જાહેરાતોમાં બતાવેલી અને જે શરતો હતી એ મુજબ પૂરતી સુવિધા ફલેટમાં અપાઈ નથી. જેથી ચોટીલા પાસે આવેલ જોલી રિસોર્ટના માલીક અને રાજકોટ રહેતા ફલેટધારક દિલીપભાઈ ધનજીભાઈ ઉમરાણીયાએ તથા અન્ય ચાર ફલેટ ધારકોએ બિલ્ડર ધીરેન અમૃતભાઈ ધોરડા સામે ગ્રાહક સુરક્ષા ફોરમમાં ફરિયાદ નોંધવી હતી.

જે ફરિયાદના કામે ફરિયાદીના એડવોકેટ મિહીર પી. દાવડા દ્વારા કાનુની લડતમાં જણાવેલ કે, આજ બિલ્ડર સામે અગાઉ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયેલ સાથે સાથે ગુજરાત રીયલ એસ્ટેટ ઓથોરીટી (રેરા) દ્વારા બિલ્ડર્સને રૂા.૧,૨૮,૦૦,૦૦૦ તા.૩૦/૧૨/૨૦૧૭ થી જયાં સુધી ચુકવે નહીં ત્યાં સુધી ૯% વાર્ષિક વ્યાજ સાથે ચુકવવાનો હુકમ થયેલ હતો. તથા વિવિધ કાયદાનો આધાર રાખી,જજમેન્ટસ,સ્ટેટ કમિશન તથા નેશનલ કમિશનના ઠરાવો રજુ કરેલ હતા. જેથી સમગ્ર ફરીયાદને ધ્યાને લઈ રાજકોટ ગ્રાહક સુરક્ષા ફોરમ દ્વારા તમામ એમેનીટીઝ બે માસમાં પુરી પાડવા તથા શારીરિક, માનસિક, દુઃખ,ત્રાસના વડતર પેટે રૂા.૨૦,૦૦૦ તથા ફરિયાદ ખર્ચ પેટે રૂા.૫૦૦૦ ચુકવવા આદેશ કરેલ તથા જો બે માસમાં તમામ એમેનીટીઝ પુરી ન પાડે તો ફરિયાદીએ સ્વખર્ચે તમામ એમેનીટીઝ ઉભી કરાવી તે તમામ ખર્ચની રકમ બિલ્ડર પાસેથી ૮% વ્યાજ સાથે વસુલ કરવા હકદાર રહેશે.

આ કેસમાં ફરિયાદીના એડવોકેટ તરીકે મિહીર પી. દાવડા, સહદેવ દુધાગરા, વિવેક ખુંટ, મયુર વેકરીયા, દર્શિત પીપળીયા,પાર્થ ધામેલીયા, જય પીપળીયા તથા સહાયક તરીકે શુભમ દાવડા,રોનક વેકરીયા રોકાયેલ હતા.

## ચિલ ઝડપના કેસમાં આરોપીના જામીન રદ્

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩



એડવોકેટઃ મુકેશભાઈ પીપળીયા

ગત તા.૩૦/૫/૨૦૨૨ના રોજ સંતકબીર રોડ પાસે રસ્તે જતા ફરિયાદી વિજયાબેન પરસોત્તમભાઈ સગપરિયાના ગળામાંથી ચેનની ચિલ ઝડપ થયેલી. જેમાં સાધુવાસવાણી રોડ પર રહેતા વૈભવ બાબુ જાદવની પોલીસે ધરપકડ કરેલી. આરોપીએ જામીન અરજી કરતા વાંધા રજૂ કરવા સરકારી વકીલ મુકેશ પીપળીયાએ કોર્ટમાં હાજરે થઈ દલીલ કરેલી કે, આરોપી રસ્તે જતા રાહદારીઓને નિશાન બનાવી ઝોંટ ગળામાંથી ચિલ ઝડપ કરે છે. સમાજ વિરોધી ગુનો છે. દલીલો ધ્યાને લઇ સેશન્સ જજ એસ.વી. શર્માએ આરોપીની જામીન અરજી રદ કરતો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલા હતા.

## સજાનો ચુકાદો રદ્ કરી બેંક મેનેજરનો નિર્દોષ છુટકારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩



એડવોકેટઃ સુરેશ ફળદુ,

૨૦૧૭ ના અરસામાં જસદણના જયુડી મેજી. (ફ.ક ) બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર લલીતકુમાર સર્વેશકુમાર કશ્યપને ૧ વર્ષની સજા અને દંડનો હુકમ કરતા રાજકોટની સેશન્સ અદાલતમા અપીલના માધ્યમથી પડકારવામાં આવતા અપીલ ચાલી જતા રાજકોટના મહે એડી. સેસન્સ જજ બી.ડી. પટેલે નીચેની અદાલતનો સજાનો હુકમ રદ કરી આરોપી બેંક મેનેજર લલીત કશ્યપને નિદોર્ષ ઠરાવી છોડી મુકતો હુકમ ફરમાવામા આવેલ છે.

કેસની હકીકત મુજબ ફરિયાદ અંજુબેન લલીતકુમાર કશ્યપ દ્વારા તેના પતિ લલીતકુમાર સર્વોકુમાર કશ્યપ વિરૂધ્ધ જસદણ પોલીસમાં એ મતલબની ફરિયાદ આપેલ કે ફરિયાદીને તેના પતિએ ઘરે ઢીકા પાટુનો માર મારી જેમફાવે તેમ ગાળો આપી અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા ડોકટર પાસે સારવાર લેવી પડે જે સબંધે ગુનો દાખલ કરવામા આવતા તે કામે ચાર્જસીટ થતા જસદણની અદાલતમાં કેસ ચાલી જતા આરોપી વિરૂધ્ધ કેસ પુરવાર માની એક વર્ષની સજા તથા રૂા.૫૦૦૦ દંડ ફટકારતા આરોપી રાજકોટની સેશન્સ અદાલતમાં અપીલના માધ્યમથી

અપીલ ચાલવા પર આવતા આરોપી લલિત કશ્યપના એડવોકેટ મારફત એવી રજૂઆત કરવામાં આવેલ કે આરોપી વિરૂધ્ધનું તહોમત શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે શંકા ગમે તેટલી મજુબત હોય તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીમાં રેકર્ડ પર આવેલ વિરોધાભાષ નીચેની કોર્ટે લક્ષે લીધેલ નથી ફરિયાદીને સતત ત્રાસ હોવા સબંધે કે તેવા કારણે મરવા મજબુર થવું પડેલ હોવા સબંધેનો પુરાવો આપી શકેલ નથી, મેડીકલ સર્ટિફિકેટમાં આવેલ ઈજા સીમ્પલ નેચર છે. જેથી અદાલતે ફરમાવેલ સજા કાયમ રાખવી યોગ્ય ન હોવાનું મુનાસીફ માની જસદણની અદાલતનો સજાનો તથા શંકાનો ચુકાદો રદ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો કોર્ટે હુકમ ફરમાવ્યો છે.

ઉપરોકત કામમાં આરોપી બેંક મેનેજર વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, ભાવીક ફેફર, કિશન માંડલીયા, મીહીર દાવડા રોકાયેલ હતા.

## વ્હોરા સમાજ દ્વારા પો.કમિશનરનું સન્માન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩: રાજકોટ શહેરનાં નવનિયુક્ત પોલીસ કમિશનર રાજુ ભાર્ગવનું રાજકોટ દાઉદી વ્હોરા સમાજ દ્વારા શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ હતું. રાજકોટ ખાતે દાઉદી વ્હોરા સમાજની વસ્તી, સમુદાયની પરંપરા, સ્કૂલો, પ્રવૃત્તિઓ વિશે કમિશનર સાથે ચર્ચા કરવાની આ શુભેચ્છા મુલાકાતમાં તક મળી હતી. દાઉદી વ્હોરા સમાજ વતી શેખ યાહયાભાઈ ગાંધી, શેખ યુસુફઅલીભાઈ જોહરકાર્ડવાળા, શાકીરભાઈ કાચવાળા, જોહરભાઈ કપાસી, અસગરભાઈ વંથલીવાળા, એહમદભાઈ લાકડાવાળા, હસનેનભાઈ જોહરકાર્ડ્સ, અલી અસગર દાઉદી, જોહરભાઈ વંથલીવાળા ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

## મિરામ્બિકા શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયેલા ભરતી મેળામાં ૧૪૭ ઉમેદવારોની પસંદગી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૩

મિરામ્બિકા શૈક્ષણિક સંકુલ અને રોજગાર કચેરીના સંયુકત ઉપક્રમે તા.૨૨ ના રોજ મિરામ્બિકા સંકુલ, અંબાજી કડવા પ્લોટ, રાજકોટ ખાતે યોજાયેલા ભરતીમેળામાં ૨૯૨ ઉમેદવારોએ ભાગ લીધો હતો જેમાંથી ૧૪૭ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.

આ ભરતીમેળામાં બી.ડી. જાડેજા માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. આ ભરતીમેળામાં ૧૮ જેટલી કંપનીઓ દ્વારા ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતાં. ખૂબજ સારો પ્રતિસાદ મળતા કંપનીના સંચાલકોએ સંસ્થાનો આભાર વ્યકત કર્યો હતો. તેમ મિતેશભાઈ ચાવડાની એક યાદીમાં જણાવાયું છે.

# રાજકોટઃ પાલક પિતાએ અને કારખાનેદારે ૧૨ વર્ષની દીકરી પર આચર્યુ દુષ્કર્મ

## બાળા વતનમાં મૂળ માતા-પિતાના ઘરે જતાં અને ત્યાંથી પરત નવાગામ આવવાની ના પાડતાં તેની પુછતાછ થતાં હવસખોરી આચર્યાની વિતક વર્ણવી

## દોઢ વર્ષ પહેલાની ઘટનામાં એરપોર્ટ પોલીસે બળાત્કાર-પોક્સો-ધમકીનો ગુનો નોંધ્યો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૨૩

શહેરના કુવાડવા રોડ પર આવેલા નવાગામ (બામણબોર)માં રહેતાં શખ્સે પોતાની જ ૧૨ વર્ષની પાલક દીકરી સાથે દોઢેક વર્ષ પહેલા અવાર નવાર દુષ્કર્મ ગુજારતાં અને પાલક માએ જો કોઇને વાત કરી તો મારી નાંખીશ તેવી ધમક આપતાં ચકચાર જાગી છે. એટલુ જ નહીં શખ્સ જ્યાં રહીને કામ કરે છે એ કારખાનાના માલિકે પણ આ બાળા સાથે અવારઅનવાર દુષ્કર્મ આચર્યાની શારીરિક અડપલા કર્યાની વિગતો સાથેની ખળભળાટ મચાવતી ફરિયાદ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાતાં આરોપીઓને સકંજામાં લેવા તજવીજ થઇ છે.

આ બનાવમાં પોલીસે ભોગ બનનાર બાળાના અસલી માતા કે જે ગીર પંથકમાં રહે છે તેની ફરિયાદ પરથી નવાગામ બામણબોરમાં આવેલા આકાશ પોલીસમર્સ નામના કારખાનામાં કામ કરતાં અને ત્યાંની ઓરડીમાં જ રહેતાં અલી અલ્લારખાભાઇ સમેજા અને તેના પત્ની આશુ અલી સમેજા તથા આકાશ પોલીસર્મ કારખાનાના માલિક કૌશિક લોહાણા વિરૂધ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધ્યો છે.

મહિલાએ પોલીસને વિગતો આપતાં કહ્યું હતું કે, પરીચીત એવા આશુને સંતાન ન હોઇ મારી દીકરી એકાદ માસની હતી. ત્યારથી તેણીને દત્તક આપી હતી. તે વખતે આશુ અને તેનો પતિ અલી સમેજા તેના મૂળ વતન જૂનાગઢ પંથકના ગામે રહેતાં હતાં. ત્યારબાદ આશુ અને અલીને ત્રણ સંતાન થયા હતાં. એ પછી છેલ્લા બે અઢી વર્ષથી આ દંપતિ નવાગામ બામણબોર ખાતે આવેલા આકાશ પોલીમર્સ નામના કારખાનામાં કામ કરવા ગયા હોઇ ત્યાંની ઓરડીમાં જ મારી ૧૧ વર્ષ અને ૧૧ માસની વય ધરાવતી દીકરી તથા તેના ત્રણ સંતાન એમ બધા ત્યાં જ રહેતાં હતાં.

બામણબોર નવાગામ રહેવા ગયા બાદ મારી દીકરી અવાર-નવાર અમારી ઘરે આવતી હતી અને ફરીથી પાલક માતા-પિતા અલી અને આશુ સાથે જવાની ના પાડતી હતી. આજથી દોઢેક વર્ષ પહેલા એક લગ્ન પ્રસંગમાં અલી તેની પત્ની આશુ અને મારી દીકરી આવ્યા હતાં ત્યારે મારી દીકરી થોડા દિવસ અમારી સાથે રહી હતી. એ પછી તે અલી અને આશુના ઘરે જવા ઇચ્છતી નહોતી. ગત ઇદના તહેવારમાં પણ મારી દીકરીએ પાલક માતા આશુ સાથે વાત કરી હતી અને ત્યાં પોતે નહિ જાય તેમ કહ્યું હતું. ત્યારબાદ ૧૧/૭ના રોજ મારી દીકરીને તેના પાલક માતા-પિતા પાસે મોકલવાની મારા પતિએ વાત કરતાં તે રડવા માંડી હતી અને કહેવા માંડ હતી કે ત્યાં મારે જવું જ નથી, આશુએ જ્યારે એક સંતાનને જન્મ આપ્યો ત્યારથી પાલક પિતા અલીએ મારી સાથે અત્યંત ખરાબ અડપલા ચાલુ કર્યા હતાં. એક વખત તેણે મારી સાથે બળજબરી કરી મારુ મોઢુ દાબી રાખી આખા શરીરે અડપલા કર્યા હતાં.

તે આવું વારંવાર કરવા માંડયા હતાં અને ઘણી વાર આવું ખરાબ ખરાબ કર્યુ છે. થોડા દિવસ પછી કારખાનાવાળા કૌશિકની ઓફિસમાં હું બપોરે ટિફિન દેવા જતાં કૌશિકે પણ બળજબરી કરી લીધી હતી અને મોઢુ દબાવી દીધું હતું. કૌશિકે પણ આવું અવાર-નવાર કર્યુ હતું. મેં આ વાત પાલક મા આશુબેનને કરતાં તેણે કોઇ જવાબ આપ્યો નહોતો અને કોઇને વાત કરતી નહિ નહિતર મારી નાંખશું તેવી ધમકી આપી હતી. આ કારણે મારે હવે ફરીથી અલી અને આશુ પાસે જવું નથી. ઉપરોક્ત વાત બાળાએ રડતાં રડતાં પોતાના માતા-પિતાને કરી હતી. એ પછી પિતા બહારગામ ગયા હોઇ ગત ૨૧મીએ પરત આવી ગીર પંથકના એક પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યા બાદ રાજકોટ એરપોર્ટ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં અને ફરિયાદ નોંધાવી હતી.

પીઆઇ વી.આર. રાઠોડ, અંશુમનભા ગઢવી સહિતે ભોગ બનનાર બાળાના માતાની ફરિયાદ પરથી આરોપીઓને સકંજામાં લેવા તજવીજ આદરી છે. આગળની તપાસ મહિલા પોલીસ સ્ટેશનના પીઆઇ કે. જે. મકવાણા અને ટીમે હાથ ધરી છે. આ બનાવે ચકચાર મચાવી દીધી છે.

# ABVP દ્વારા યુનિવર્સિટીના વિવિધ પ્રશ્નો લઇ કરાઇ રજૂઆત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા યુનિવર્સિટીનાં વિવિધ પ્રશ્નોને લઇ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવ્યું છે કે, B.ED સેમ-૧ ની પરીક્ષા લેવાય ગયેલ હોવા છતાં રીઝલ્ટ આવેલ નથી. તે બે દિવસમાં તાત્કાલિક અસરથી જાહેર કરવું, external માં એડમીશન માટેની પ્રોસેસ ચાલુ કરવામાં આવે, provisional degree માટે જુના વિદ્યાર્થીઓ પાસેથી ૧૫૦/- ફી વસુલવામાં આવે છે. જયારે નવા વિદ્યાર્થીઓ પાસે ફી વસુલવામાં આવતી નથી. જેમાં સ્પષ્ટપણે વિદ્યાર્થીઓ વચ્ચે અન્યાય થઇ રહ્યો છે. જુના કોર્ષનાં રેગ્યુલરની પરીક્ષા લેવાઈ ગયેલ છે. External કરી તથા વિદ્યાર્થીઓની પરીક્ષાના ફોર્મ ભરાય ગયા હોવા છતાં પરીક્ષાની કોઈ જાહેરાત કરવામાં આવેલી નથી. જે ત્રણ દિવસમાં જાહેર કરવામાં આવે. ઉપરોક્ત જણાવેલ વિષયોની માંગ સમયસર પૂરી કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

શ્રદ્ધાંજલિ

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

-:શ્રદ્ધાંજલિની જાહેર ખબર:-

ફિક્સ સાઇઝ (અંદરના પાને)

6 x 2.5: 200 Rs. +5%GST

ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426


# પત્રકારત્વ ભવન દ્વારા યોજાયો વૃક્ષારોપણ કાર્યક્રમ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

સતત વધતા પ્રદૂષણથી હવા અશુધ્ધ થઇ રહી છે અને ગ્લોબલવોર્મિંગની સમસ્યા વધવા લાગી છે. ત્યારે વાતાવરણને શુદ્ધ રાખવા માટે વૃક્ષો વાવો, જીવન બચાવોના ધ્યેય સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકરાત્વ ભવન દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પત્રકરાત્વના વિદ્યાર્થીઓ અને ભવનનો કર્મચારીગણ જોડાયો હતો. આ માત્ર વૃક્ષારોપણનો જ કાર્યક્રમ ન બની રહે એવા આશય સાથે વિદ્યાર્થીઓએ વૃક્ષને દતક લઇ જયાં સુધી ભવનમાં અભ્યાસ કરે છે ત્યાં સુધી એની દેખરેખ રાખવાની જવાબદારી લીધી હતી.

આવનારા સમયમાં પોતાની કલમ થકી સમાજ જાગૃતિની સાથે પર્યાવરણ જાગૃતિનું પણ કામ કરી શકે. જેના ભાગરૂપે ગત તા.૧૮ને સોમવારના રોજ પત્રકારત્વ ભવનના કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુલમોર, ઉંબરો, ચંપો જેવા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સદભાવના ટ્રસ્ટનો સહયોગ મળ્યો હતો. વૃક્ષારોપણનો કાર્યક્રમ ભવનના અધ્યક્ષ ડો. નિતાબેન ઉદાણીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં ભવનના પ્રો.તુષાર ચંદારાણા, ડો. જીતેન્દ્ર રાદડિયા, ડો.તૃપ્તી વ્યાસ અને હિન્દી ભવનના અધ્યક્ષ ડો. બી.કે.કલાસવા હાજર રહ્યા હતા.

# નેશનલ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં પૂજા હોબી સેન્ટરના બાળકોની પસંદગી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

આગામી ઓગષ્ટ મહિનામાં ચંદીગઢ ખાતે યોજાનારી નેશનલ રોલર સ્કટાગ ચેમ્પિયનશિપ-૨૦૨૨માં પુજા હોબી સેન્ટરના બાળકો રોલર સ્કેટિંગમાં સ્પીડ સ્કેટિંગ જેમાં ૩૦૦ મીટર ૫૦૦ મીટર અને ૧૦૦૦ ટેનાસીટી-કવાર્ડ-ઈનલાઈનમાં બાળકો ૧૦૦ મીટર મીટરમાં ભાગ લેશે. આ ઉપરાંત રીલે રેસ-આર્ટીસ્ટીક સ્કેટિંગ-રોલર બાસ્કેટ બોલમાં બાળકો પોતાનું કૌવત બતાવશે.

આ બાળકો ડિસ્ટ્રીકટ તથા સ્ટેટ લેવલે પોતાનું કૌવત બતાવી ચૂકયા છે. ખ્વાબ અંતાણી ખેલ મહાકુંભમાં રાજકોટનો એક જ બાળક પસંદ થયો છે અને ૨ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ મેળવેલ છે. આ બધા બાળકો ઘણા સમયથી પુજા હોબી સેન્ટરના દીપુદીદી, ડો. પુજા રાઠોડ તથા સંચાલિકા પુષ્પાબેન રાઠોડ પાસેથી ટ્રેનિંગ લઈ રહ્યા છે. આગામી શનિવારના રોજ હેમુગઢવી હોલમાં મહેમાનો તથા આમંત્રિતોની હાજરીમાં બાળકોનો સન્માન સમારોહ યોજાવાનો છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)


**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી


# વોટસન મ્યુઝિયમમાં તા. ૨૪ થી 30 દરમ્યાન 'દેશી રજવાડાના દસ્તાવેજો' પ્રદર્શન યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

જયુબેલી બાગ ખાતે આવેલા ઐતિહાસિક વોટસન મ્યુઝિયમમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તેમજ પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા દ્વારા 'દેશી રજવાડાના દસ્તાવેજો' અનોખું પ્રદર્શન યોજાવા જઈ રહ્યું છે. જેમાં રજવાડાના સમયની પ્રાચીન કલાકૃતિઓ અને દસ્તાવેજોના સંગ્રાહક રમેશગીરી ગોસાઈના સંગૃહિત દસ્તાવેજો રાજકોટના ઈતિહાસ પ્રેમીઓ માટે પ્રદર્શિત કરવામાં આવશે.

પચાસ રજવાડાના દસ્તાવેજોમાં તે સમયના ચલણો, ઉર્દૂ, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી ભાષાના બ્રિટીશ દસ્તાવેજો નિહાળીને મુલાકાતી ઈતિહાસમાં ડોકિયું કરી શકશે અને તે સમયને અનુભવી શકશે. મ્યુઝિયમ ખાતે સવારે ૧૦ થી સાંજના ૫ સુધી મુલાકાતીઓ પ્રદર્શનને માણી શકશે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# આઈપીએસ અનુપમસિંહ ગહલૌતે મેઘાણીના કાવ્યોનું હૃદયસ્પર્શી પઠન કર્યુ

## પિનાકી મેઘાણી અને ગોવિંદસિંહ ડાભી સાથે અનુપમસિંહની લાગણીસભર મુલાકાત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

ગુજરાત રાજ્યના ઈન્ટેલિજન્સના અધિક પોલીસ મહાનિર્દેશક અનુપમસિંહ ગહલૌત (આઈપીએસ) સાથે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી મેઘાણીની લાગણીસભર મુલાકાત થઈ હતી. છેલ્લા ૪૦ વર્ષથી ખાદી-ગ્રામોદ્યોગ-રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલાં ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)ની સેન્ટ્રલ ખાદી માર્ક કમિટી તથા ભાલ નળ કાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના ચેરમેન, લોકસેવક, ખેડૂત આગેવાન, ગોવિંદસિંહ ડાભીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ઝવેરચંદ મેઘાણી રચિત અમર કાવ્યો : કસુંબીનો રંગ, શિવાજીનું હાલરડું, ચારણ-કન્યાનું સાહિત્ય-સંગીત-સંસ્કૃતિ-પ્રેમી અનુપમસિંહ ગહલૌતે હૃદયસ્પર્શી પઠન દ્વારા સ્વરાંજલિ અર્પણ કરી હતી. રાજકોટ અને વડોદરા પોલીસ કમિશનર તરીકે યશસ્વી કાર્યકાળ દરમિયાન અનુપમસિંહ ગહલૌતે નવી પેઢી માટે વિવિધ પ્રેરક મેઘાણી-સ્મૃતિ કાર્યક્રમોનું સફળ આયોજન કર્યું હતું જે ખાસ ઉલ્લેખનીય છે.

સ્વતાંત્ર્ય-સંગ્રામ નિમિત્તે ઝવેરચંદ મેઘાણીએ રચેલાં દેશભક્તિનાં ૧૫ શૌર્યગીતોનો સંગ્રહ સિંધુડોની નવીન સંવર્ધિત આવૃત્તિ પિનાકી મેઘાણીએ અર્પણ કરી હતી. આર્થિક-સામાજિક વંચિત સમાજની બહેનોને સ્વરોજગારી પૂરી પાડતી ગુજરાતની એકમાત્ર ઊની ખાદી સંસ્થા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ દ્વારા ઉત્પાદિત હાથ-વણાટ, હાથ-બનાવટની આકર્ષક શાલથી ગોવિંદસિંહ ડાભીએ અભિવાદન કર્યું હતું.(૧૩)


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ADVERSITING HERE

ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો

એક લાઇનના 5 Rs. +5%GST

મિનીમમ ૫ લાઇન ફરજીયાત

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426


## અમીનમાર્ગ પર કાલે મહારકતદાન કેમ્પઃ પાયલ મેડીસીન્સ, લાઇન્સ કલબ ઓફ રાજકોટ તથા શ્રીમદ રાજચંદ્ર સેવાગ્રૃપનું સંયુકત આયોજન

# RTE હેઠળ ચાલુ વર્ષે ૫૫૧૫ થી વધુ બાળકોને ખાનગી શાળામાં વિનામૂલ્યે

## કાયદાના અમલીકરણથી લઈને અત્યાર સુધીમાં ૪૭૦૦૦ કરતા વધુ બાળકોના ઉજ્જવળ ભાવિનું નિર્માણ કરતી રાજ્ય સરકાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતિત આર્થિક અને વંચિત વર્ગ માટે શિક્ષણના અધિકારનો કાયદો રાઈટ ટુ એજ્યુકેશન (RTE) આશાનું નવું કિરણ બન્યો છે. મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અમલી RTE એક્ટ હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો પણ હવે તેમની મનપસંદગીની ખાનગી શાળામાં ભણી શકે છે.

ઉલ્લેખનીય છે કે, RTE એક્ટ વર્ષ ૨૦૦૯ થી અમલમાં આવ્યો અને વર્ષ ૨૦૧૩ થી શાળાઓમાં પ્રવેશ આપવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૩થી લઈને અત્યાર સુધીમાં RTE હેઠળ કુલ ૪૭૦૦૦ થી પણ વધુ બાળકોને વિનામૂલ્યે શિક્ષણ સુવિધા પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા RTE હેઠળ એક બાળક દીઠ શાળાને રૂ.૧૩૦૦૦ શૈક્ષણિક ફી તરીકે ચુકવવામાં આવે છે, જ્યારે રૂ.૩૦૦૦ બાળકને યુનિફોર્મ અને પુસ્તકો ખરીદવા માટે સહાય પેટે ચુકવવામાં આવે છે. રાજકોટ જિલ્લાની ૯૭૯થી વધુ શાળાઓમાં RTE હેઠળ અભ્યાસ કરતા ૪૭૦૦૦થી વધુ બાળકોની અંદાજીત રૂપિયા ૩૨ કરોડથી વધુની ફી રાજય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે તેમ જિલ્લા શિક્ષણાધિકારી કૈલાએ ઉમેર્યું હતું.

સામાજિક, શૈક્ષણિક પછાત વર્ગ, અન્ય પછાત વર્ગ, વિચરતી અને વિમુકત જાતિના બાળકો, જનરલ કેટેગરી, બિન અનામત વર્ગના બાળકોને RTE હેઠળ પ્રવેશ આપવામાં આવે છે. જેમાં BPL કુટુંબમાં સમાવિષ્ટ થતા અથવા ગ્રામ્ય કક્ષાએ પરિવારની વાર્ષિક આવક રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરીકક્ષાએ પરિવારની આવક રૂ.૧,૫૦,૦૦૦ હોય તેવા કુટુંબના બાળકોને પ્રવેશ આપવાની જોગવાઈ છે. બાળ મજૂર, દિવ્યાંગ, એચ.આઈ.વી ગ્રસ્ત, અનાથ, સાર સંભાળ અને સંરક્ષણની જરૂરિયાત હોય તેવા બાળકોને RTE હેઠળ પ્રવેશ માટે અગ્રતા આપવામાં આવે છે.

ગુજરાતનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉદારભાવ સાથે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. બાળકોને પોતાના જ વિસ્તારમાં સારામાં સારું શિક્ષણ મળી રહે તે માટે સુદ્રઢ આયોજન કરવામાં આવે છે. આમ, છેવાડાના માનવીના બાળકોને પણ શિક્ષણધારા સાથે જોડવા સરકારની નેમ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)


PACKAGINGHUB | Hitesh Kakadia | 93777 75636

प्रोडक्ट आपका, सजावट हमारी ।

6-Mira Udhyog, Plot No.27, Nr, Ajay Weight Brige Rajkot-360003

www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

Dt.23-07-2022 8
શનિવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



## ભાજપને મોટો આંચકોઃ ત્રણ ટર્મ સુધી ધારાસભ્ય રહેલા પરેશ વસાવા 'આપ'માં જોડાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

ગુજરાતમાં આદિજાતિ વિકાસ નિગમનાં ડિરેક્ટર અને ભાજપમાં ત્રણ ટર્મ સુધી ધારાસભ્ય રહેલા પરેશભાઈ વસાવા આજે આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા હતા. આ રીતે વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપને મોટો ફટકો પડ્યો છે.

# રાજકોટમાં ફેટસ્પ્રેડનો નમુનો ફેલ થતાં ઉત્પાદક પેઢીને કુલ ૧ લાખ ૧૦ હજારનો દંડ



## શહેરમાં મનપા ફૂડ વિભાગ દ્વારા સઘન ચેકિંગ ઝુંબેશઃ વાસી નોનવેજ પ્રિપેર્ડ ફૂડ અને વાસી ઈડલીનાં જથ્થાનો નાશ કરાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

લોકોને જાહેર ખાણી-પીણીનાં સ્થળો પર અખાદ્ય પદાર્થોનાં સેવનથી નુકશાન ન થાય એ જોવા માટે રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં અવિરત ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આજે વધુ કેટલાક સ્થળો પર અલગ-અલગ સ્થળેથી ખાદ્ય પદાર્થોના નમુના લેવામાં આવ્યા હતા અને વાસી પદાર્થોનો નાશ પણ કરવામાં આવ્યો હતો. શહેરના ભક્તિનગર સ્ટેશન પ્લોટ-૫ કેન્કો હાઉસ ખાતે કિશોર એન્ડ કંપનીનો માઈક્રોલાઈટ પ્રીમીયમ ફેટસ્પ્રેડ (૫૦૦ ગ્રામ પેક્ડ)નો નમુનો ચકાસણી બાદ સબસ્ટાનડર્ડ જાહેર થયો હતો. આથી નમુનો આપનાર પેઢીના માલિક રશ્મિકાંત કિશોરકાંત ગોડાને નિવાસી અધિક કલેકટર દ્વારા રૂ.૧૦ હજારનો દંડ, ઉત્પાદક પેઢીના નોમીની મહેન્દ્ર છોટાભાઈ પટેલને રૂ.૫૦ હજારનો દંડ અને ઉત્પાદક પેઢી ગાગર ફૂડઝ પ્રા.લી. ને રૂ.૫૦ હજારનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે.

ફૂડ વિભાગની ટીમ દ્વારા શ્રીજી ડેરી ફાર્મ, ક્રિષ્ના કોમ્પ્લેક્ષ શોપ નં.૪, માધવપાર્ક-૧, ૧૫૦ ફૂટ રીંગરોડ ખાતેથી લીધેલા ભેંસનાં દૂધના નમુનામાં વેજીટેબલ ફેટની હાજરી મળી આવતા પેઢીનાં માલિક દીપેશ કુમાર શાંતિલાલ મેઘપરાને રૂ.૫ હજારનો દંડ કરવામાં આવ્યો છે.

ભાવનગર રોડ ચુનારાવાડ ચોકની બાજુમાં મુબારક નોનવેજ રેસ્ટોરાંમાંથી ૮ કિલો જેટલા વાસી નોનવેજ પ્રિપેર્ડ ફૂડના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો અને હાઈજીનીક કંડીશન જાળવવા નોટીસ આપવામાં આવી હતી. એ જ રીતે પેડક રોડ પણ બાલક હનુમાન ચોક પર વિષ્ણુ ખમણ પેઢીમાંથી ચકાસણી બાદ બે કિલો વાસી ઈડલીનો નાશ કરવામાં આવ્યો હતો અને હાઈજીનીક કંડીશનની નોટીસ અપાઈ હતી. ફૂડ સેફટી ઓન વ્હીલ્સ વાન દ્વારા ૮૦ ફૂટ રોડ નહેરૂનગર વિસ્તારમાં કુલ ૧૭ પેઢીમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. ૯ પેઢીને લાયસન્સ બાબત નોટીસ અપાઈ હતી. દૂધ, પ્રિપેર્ડ ફૂડ અને ખાદ્યતેલના ૯ નમુનાની ચકાસણી કરવામાં આવી હતી. જયમંદિર કોલ્ડ્રીંકસ, ખોડીયાર કોલ્ડ્રીંકસ, એસ.એસ. દાળપકવાન, સદ્દગુરૂ કોલ્ડ્રીંકસ, ભવાની ફરસાણ, બાપા સીતારામ ટી-સ્ટોલ, ખોડીયાર પાન સેન્ટરને લાયસન્સ નોટીસ આપવામાં આવી હતી.(૨.૧૨)

# રાજકોટઃ ખાડાઓને કારણે રીક્ષા ઉંધી વળી ગઇ...



શહેરમાં ૪૬ હજાર ચો.મી. રસ્તા ધોવાયા : ૯ કરોડનું નુકસાન

## ખરાબ રોડ રસ્તાને લઈને વાહન ચાલકો પરેશાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૨૩:


શહેરમાં ગત સપ્તાહે ભારે વરસાદ અને વિવિધ ખોદકામના કારણે ૫૦ જગ્યાએ ૪૬ હજાર ૨૩૫ ચો.મી.ના રસ્તાઓ સહિત વગેરેનું ધોવાણ થતાં ૯ કરોડનું નુકસાન થયાનું મનપાના સત્તાવાર સર્વેમાં ખુલવા પામ્યું છે.

સપ્તાહે શહેરમાં પડેલ ૧૧ ઇંચ વરસાદ અને પાણીની લાઇન યુટિલીટી ડકટના ક્રોસ ચરેડા, ડ્રેનેજ લાઇન, પીજીવીસીએલ લાઇન, ભારે વાહનોના કારણે ઠેર ઠેર ખાડા - ખબચડાઓ જોવા મળી રહ્યા છે. ત્રણેય ઝોનમાં જે - જે રસ્તાઓમાં નુકસાન થયું છે તે પૈકી સૌ પ્રથમ મુખ્ય માર્ગોને મરામત કરવા અને ત્યારબાદ આંતરીક રસ્તાઓ મરામત કરવામાં આવી રહ્યા છે. ત્રણેય ઝોનમાં કુલ ૪૬,૨૩૫ ચો.મી. તથા ૬૮.૯૧ ચો.મી. લંબાઇ રસ્તાઓમાં નુકસાન થયેલું છે.

જેમાં વેસ્ટ ઝોનમાં ૧૪ જગ્યાએ ૧૧૩૬ ચો.મી., સેન્ટ્રલ ઝોનમાં ૧૩ સ્થળોએ ૫૨૧ ચો.મી. તથા સૌથી વધુ ઇસ્ટ ઝોન એટલે કે સામાકાંઠાના વિસ્તારમાં ૨૩ જગ્યાએ ૪૪,૫૭૮ ચો.મી. રસ્તાઓ તૂટતા ૯ કરોડનું નુકસાન થયેલ છે. ત્યારે આજે ઢેબર રોડ પર મસમોટા ખાડાઓને કારણે ત્યાથી પસાર થતી એક રીક્ષા ઉંધી વળી ગઇ હતી. આ પહેલા પણ અનેક વાહનો ઉંધા પડ્યાના બનાવો સામે આવ્યા હતા. શહેરમાં સૌથી વધુ ખરાબ રસ્તા કોઠારીયા રોડ પર આવેલ છે. ઉપરાંત ગોપાલ હોટલ પાસે આવેલા ઢેબર રોડ પર રોડની સ્થિતિ અત્યંત ખરાબ છે તંત્ર દ્વારા ક્યારે આ સમસ્યાઓમાંથી છુટકાર મળશે તેની રાહ જોઇ બેઠા છે.

# મને ન્યાય આપોની બુમો પાડી યુવકે પો.કમિશનર કચેરીએ ફિનાઈલ ગટગટાવ્યું





પોલીસ કર્મીઓ દ્વારા સિવિલ હોસ્પિટલ ખસેડાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ.તા.૨૩: આજે બપોરે એક યુવાને કમિશનર કચેરીએ આવીને પોલીસે તેની સગર્ભા પત્ની સામે ફરિયાદ કેમ કરી તેવા આક્ષેપો સાથે ફિનાઈલ ગટગટાવ્યું હતું. હાજર પોલીસ કર્મીઓ દ્વારા તાત્કાલીક યુવાનને સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. યુવાને આક્ષેપ કર્યો હતો કે અમે લવ મેરેજ કરેલા છે મારી પત્ની સગર્ભા છે પોલીસે પૈસા લઇને ખોટા કેસ કરી રીપોર્ટ કર્યો છે. યુવાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો.

# ગુજરાતમાં ૧લી ઓક્ટોબરથી મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

## વધુ ૩૯ હજાર નવા મતદારો નોંધાયા, તમામ જિલ્લાઓમાં ૭.૮૦ લાખથી વધુ ઘરોની મુલાકાત લેવાઈ; તા.૧ લી ઓક્ટોબર ૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ પુરા કર્યા હોય એવા યુવાનોની યાદી તૈયાર કરાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે મતદાર યાદી સુધારણા સાથે સંપૂર્ણ તૈયાર કરી લેવાની કામગીરીનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. તા.૧ લી ઓક્ટોબરની લાયકાતની તારીખને ધ્યાનમાં રાખીને ફોટાવાળી મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેના અંતર્ગત મતદાર યાદી સુધારણા પૂર્વેની પ્રિ-રિવિઝન એક્ટીવીટી હેઠળ બુથ લેવલ ઓફિસરને ફાળવવામાં આવેલા ભાગમાં સમાવવામાં આવેલા દરેક ઘરની મુલાકાત લેવામાં આવી છે. નિશ્ચિત અધિકારીઓ દ્વારા એમને ફાળવવામાં આવેલા વિસ્તારમાં ઘરે-ઘરે જઈ મતદારોની વિગતો એકત્ર કરવામાં આવી છે.

આ કાર્યક્રમ હેઠળ તા.૨૨ જુલાઈ સુધીમાં રાજયના તમામ જિલ્લાઓમાં બુથ લેવલ ઓફિસર દ્વારા કુલ ૭, ૮૦, ૭૪૯ ઘરોની મુલાકાત લેવામાં આવી હતી. સૌથી વધુ અમદાવાદમાં ૮૯૧૪૨ ઘરોની મુલાકાત લેવામાં આવી હતી. નવા મતદાર તરીકે નોંધણી કરાવવા માટે ૩૯૪૦૪ જેટલા ફોર્મ નં.૬ મેળવવામાં આવ્યા હતા. જેમાં ૧૮ થી ૨૯ વર્ષની ઉંમરવાળા ૨૯૩૬૧ તથા ૨૯ વર્ષથી વધુ વયના ૯૮૭૯ જેવા મતદારોનો સમાવેશ થાય છે.

તા.૧લી ઓક્ટોબર ૨૦૨૨ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરી રહેલા નવા મતદારો ૧૯૪૪૩ નોંધાયા છે. તેઓ આગામી વિધાનસભા ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરી શકશે. બીએલઓ માટે ખાસ તૈયાર કરાયેલી એપમાં પ્રાપ્ત વિગતો અને લાગુ પડતા કિસ્સાઓમાં ફોર્મ નં.૬, ૬ (ક), ૭, ૮ અને ૮ (ક) મેળવી વિગતોનું ડીજીટલાઈઝેશન કરવામાં આવશે. બીએલઓ દ્વારા ઘરોની મુલાકાત દરમ્યાન નિયત નમુનાના ફોર્મમાં અરજીઓ મેળવવામાં આવશે.

ખાસ કરીને તા.૧લી જાન્યુઆરી ૨૦૨૨ની લાયકાતની તારીખે લાયક હોય અને મતદાર યાદીમાં નોંધાયેલા ન હોય તેવા તમામ નાગરિકો પાસેથી ફોર્મ નં.૬ ભરાવીને મેળવવામાં આવશે. મતદારોની વિગતો ચકાસીને જો મતદારો સુધારા સૂચવે તો તેવા મતદારો પાસેથી ફોર્મ નં.૮ મેળવવામાં આવશે.

મતદારોની ખરાઈ દરમ્યાન એક કરતા વધુ વખત નોંધાયેલા એટલે કે, પુનરાવર્તિત એકથી વધુ વખત નામ દાખલ થયું હોય, કાયમી સ્થળાંતર કર્યું હોય કે અવસાન થયાના કિસ્સામાં ફોર્મ નં.૭ મેળવવામાં આવશે. તા.૧લી ઓક્ટોબર ૨૦૨૨ના

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# ભગવતીપરાની સગીરા પર કુકર્મ આચરી બંગાળી ઢગો ફરાર...?

## આરોપીને ભગાડવામાં નીચેના સ્ટાફની શંકાસ્પદ ભૂમિકાની ભારે ચર્ચા

## બાળાનો પરિવાર ભયભીતઃ પીઆઈની સમજાવટથી ફરિયાદ કરવા તૈયાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

રાજકોટ શહેરના ભગવતીપરા વિસ્તારના એક ૧૪ વર્ષની તરૂણીને બંગાળી ઢગો ભગાડી જતા બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરાઈ છે. અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે, ગઈકાલે આ બંગાળી નરાધમ પોલીસનાં હાથ લાગી ગયો હતો. પરંતુ નીચેના સ્ટાફ અગમ્ય કારણોસર આરોપીને નાસી જવાની તક આપી હતી. એ રીતે સમગ્ર મામલે નીચેના સ્ટાફની કાર્ય પ્રણાલી શંકાનાં દાયરામાં આવી છે.

ભગવતીપરા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ૧૪ વર્ષની એક બંગાળી બાળા ઘરેથી ગુમ થયાની ફરિયાદ તેના પિતાએ બી ડીવીઝન પોલીસ મથક લખાવી હતી. જેમાં પડોશ રહેતા પરિણીત યુવક સુરજ નુર મહમદને શકમંદ તરીકે લખાવેલો હતો. બે દિવસની જહેમતનાં અંતે પરિવાર બાળા તેમજ ૨૫ વર્ષનાં નરાધમને શોધી કાઢીને ગઈકાલે પોલીસનાં હવાલે કર્યા હતા. ત્યારે જવાબદાર અધિકારીને અંધારામાં રાખીને નીચેના સ્ટાફે સમગ્ર મામલો રફે-દફે કરી નાખ્યો હતો.

જેમાં ભોગ બનનાર બાળાનાં પિતાને કાયદાની બીક બતાવી બાળાને લઈને ચુપચાપ ઘરે જતા રહેવા જણાવ્યું હતું તેમજ યુવક અને તેના મળતિયા સાથે સાંઠગાંઠ કરીને આ યુવકને જલ્દી ગુજરાત બહાર નાસી જવા માટે છૂટો મૂકી દીધો હતો. સમગ્ર મામલામાં અધિકારી અજાણ હોય તેવું જણાઈ છે. પોલીસની વાણી વર્તનથી નારાજ બાળાનો પરિવાર સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયે આવ્યો હતો. સમગ્ર જાણ પી.આઈ.વાળાને કરતા

(અનુ.પાના નં.૪ ઉપર)

# લાંચ કેસમાં ભાણવડના તલાટીને ત્રણ વર્ષની સજા

## તલાટી મંત્રીએ દબાણ કાઢી આપવા ૭ હજારની લાંચ માંગતા એસીપીના છટકામાં ઝડપાઈ ગયા હતાઃ સજા ઉપરાંત દંડ પણ ફટકારાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

તલાટી કમ મંત્રીએ લાંચ લીધાના કેસમાં કોર્ટે નોંધનીય ચૂકાદો સંભળાવ્યો છે. દાખલો કઢાવવા માટે ખેડુત પાસેથી ૭૦૦૦ની માંગણી કરનાર તલાટીને કોર્ટે ત્રણ વર્ષની સજા અને રૂા.૩ હજારનો દંડ ફટકાર્યો છે.

આ કેસની વિગત મુજબ જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા પ્રફુલચંદ્ર રમણીકલાલ સાંગાણી સામે રાજકોટના સાધુ વાસવાણી રોડ પર આવેલ નીલકમલ પાર્કમાં રહેતા રાજેશભાઈ મોહનભાઈ સાંગાણીએ એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ફરિયાદીના પત્ની ગોદાવરીબેનને પોતાની હયાતીમાં દેવળીયા ગામે આવેલ.

જમીનમાં હિસ્સો મેળવવા વારસાઈ એન્ટ્રીની જરૂરિયાત હોય જેથી ફરિયાદીએ તલાટીમંત્રીએ ૭/૧૨ અને ૮-અ નો દાખલો કઢાવવા અરજી કરેલી. આ દાખલો કાઢી આપનાર તલાટી પ્રફુલચંદ્રએ ૭ હજારની લાંચની માંગણી કરેલી જે તે સમયે ૨૦૦૦ રૂપિયા લાંચ પેટે સ્વીકાર્યા હતા ત્યારબાદ રૂા.૫૦૦૦ આપતા સમયે ફરિયાદીની અરજીને આધારે લાંચ રૂશ્વત બ્યુરોની ટીમે છટકુ ગોઠવી રૂા.૫ હજાર સ્વીકારતા તલાટીને ઝડપી પાડેલ.

ગુન્હો દાખલ થયા બાદ એસીબી અદાલતમાં ચાર્જશીટ રજુ થયુ હતું. સુનાવણીમાં સરકારી વકીલ સમીર ખીરાએ રજૂઆત કરેલ કે પંચો અને સાહેદોની જુબાનીમાં કેસ પુરવાર થાય છે તેથી મહતમ સજા કરવી જોઈએ. કોર્ટે ૪૦ જેટલા દસ્તાવેજી પુરાવા અને પાંચ સાહેદોને તપાસ્યા હતા. દલીલોને ધ્યાને લઈ એસીબી સ્પે. કોર્ટના જજ બી.બી.જાદવે લાંચ રૂશ્વત વિરોધી અધિનિયમની કલમ ૭-૧૩ (૧) ડી ૧૩ (૨) હેઠળ તલાટીને તકસીરવાન ઠેરવી બે વર્ષની સજા અને રૂા.૩ હજારનો દંડ તેમજ કલમ ૧૩(૧)(ડી) હેઠળ ત્રણ વર્ષની સજા અને રૂા.૩ હજારનો દંડ ફટકાર્યો હતો.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.